


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 116
Dt.: 05-01-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### ભારતીયોને ગેરજરૂરી અવરજવર ન કરવા સલાહ

# વેનેઝુએલા પર અમેરિકાના હુમલા અંગે ભારતે પ્રથમ પ્રતિક્રિયા આપી

### વેનેઝુએલા મુદ્દે ભારતની પ્રથમ પ્રતિક્રિયાઃ વાતચીતના માધ્યમથી શાંતિપૂર્ણ સમાધાન લાવે તમામ પક્ષે

(સંપૂર્ણ સમાચાર સેવા)વેનેઝુએલા

વેનેઝુએલા પર અમેરિકાના હુમલા અંગે ભારતે પ્રથમ પ્રતિક્રિયા આપી છે. ભારતીય વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કરી વેનેઝુએલાના ઘટનાક્રમ પર ચિંતા વ્યક્ત કરી છે અને તમામ પક્ષોને શાંતિની અપીલ કરી છે. વેનેઝુએલાની પરિસ્થિતિ પર ભારતની સતત નજર છે.

વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે વેનેઝુએલામાં વર્તમાન ઘટનાક્રમ ચિંતાનો વિષય છે. અમે બદલાતી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. વેનેઝુએલાના લોકોના હિત અને સુરક્ષાનું અમે સમર્થન કરીએ છીએ. તથા તમામ સંબંધિત પક્ષોને અપીલ કરીએ છીએ કે વાતચીતના માધ્યમથી શાંતિપૂર્ણ રીતે સમાધાન લાવે. જેથી ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહે. કારાકાસમાં ભારતીય એમ્બેસી સતત ભારતીય લોકો સાથે સંપર્કમાં છે. નોંધનીય છે કે અગાઉ ભારત સરકારે પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી હતી. વેનેઝુએલામાં રહેતા ભારતીયોને ગેરજરૂરી યાત્રાથી બચવા સલાહ આપવામાં આવી હતી. અમેરિકાની સેનાએ વેનેઝુએલાના સૈન્ય અડ્ડા પર ભીષણ હુમલો કર્યો. જે બાદ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને કેદ કરી લેવાયા. અમેરિકાની સેના તેમને વિશેષ વિમાનમાં ન્યૂયોર્ક લઈ ગઈ. અમેરિકા સતત વેનેઝુએલા પર ડ્રગ્સની હેરાફેરી અને નાર્કો આતંકવાદનો આરોપ લગાવતું રહ્યું છે. બીજી તરફ વેનેઝુએલાનો આરોપ છે કે અમેરિકાની આ કાર્યવાહી માત્રને માત્ર ક્રૂડ ઓઈલના ખજાના પર કબજો કરવા માટે છે.

વેનેઝુએલા પર અમેરિકાની કાર્યવાહીનો સંયુક્ત રાષ્ટ્રએ પણ વિરોધ કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રના સચિવ એન્ટોનિયો ગુટેરેસે અમેરિકાની કાર્યવાહી પર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે આ ખતરનાક ઉદાહરણ પૂરું પાડશે. મહાસચિવના પ્રવક્તા સ્ટેફાન દુજારિકે કહ્યું છે, કે આ સૈન્ય કાર્યવાહીથી ક્ષેત્રીય સ્તરે ગંભીર અને ચિંતાજનક અસરની આશંકા છે. આ પ્રકારના ઘટનાક્રમ એક ખતરનાક ઉદાહરણ ઊભું કરે છે. દુનિયાના તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા, સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું સન્માન કરવું જોઈએ. અત્યંત ચિંતાની વાત છે કે આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ કરવામાં આવ્યો. બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પણ તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી છે. જેમાં સભ્ય દેશો સામેલ થશે.

અમેરિકાના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે વેનેઝુએલા પર કરાયેલી કાર્યવાહી અંગે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ટીકા કરી છે. તેમણે દાવો કર્યો છે કે આ ડ્રગ્સ કે લોકશાહી નહીં તેલ ( ક્રૂડ ઓઈલ )નો મામલો છે.અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીને કેદ કર્યા છે. જેને લઈને દુનિયાના અનેક દેશો સવાલ ઉઠાવી રહ્યા છે. એવામાં કમલા હેરિસે કહ્યું છે, કે વેનેઝુલા પર ટ્રમ્પની કાર્યવાહીથી અમેરિકા ના તો અધિક સુરક્ષિત છે, ના મજબૂત બન્યું છે. માદુરો ક્રૂર અને ગેરકાયદે તાનાશાહ હતા, પણ આ કાર્યવાહી પણ ગેરકાયદે જ છે. સત્તા પરિવર્તન અને ઓઈલ માટે યુદ્ધ છેવટે તો અરાજકતામાં જ પરિણમશે. જેની કિંમત અમેરિકાના પરિવારોએ ચૂકવવી પડશે. કમલા હેરિસે વધુમાં કહ્યું, કે અમેરિકાની જનતા ટ્રમ્પના જુઠ્ઠાણાથી કંટાળી ગઈ છે. આ ડ્રગ્સ કે લોકશાહીનો મામલો નથી. આ ઓઈલ અને ટ્રમ્પની તાકાતવર નેતા બનવાની ઈચ્છાનો મામલો છે. તેમને ડ્રગ્સ કે લોકશાહીની જ ચિંતા હોત તો ક્યારેય ડ્રગ્સ પેડલર્સને માફ ન કર્યા હોત. ટ્રમ્પ અમેરિકાના સૈનિકોને ખતરામાં નાંખી રહ્યા છે અને અબજો ડોલર ખર્ચો કરી રહ્યા છે. ટ્રમ્પ સમગ્ર ક્ષેત્રને અસ્થિર કરી રહ્યા છે. આ કાર્યવાહીથી દેશને કોઈ લાભ નથી. અમેરિકાને એવા નેતૃત્વની જરૂર છે જે અમેરિકાની જનતાને સર્વોપરી રાખે. અમેરિકાના પરિવારો માટે મોંઘવારી ઘટાડે. કાયદાનું શાસન લાગુ કરે.

### વિરોધ કરનારા દેશો અને નેતાઓ

# વેનેઝુએલા પર હુમલાની સાથે જ દુનિયા બે ભાગમાં વહેંચાઈ

### આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય કાયદા, દેશની સાર્વભૌમત્વ અને સૈન્ય હસ્તક્ષેપને લઈને નવી ચર્ચા છેડી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા દ્વારા વેનેઝુએલા પર કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહી અને પ્રમુખ નિકોલસ માદુરો તથા તેમના પત્નીની ધરપકડ બાદ વૈશ્વિક રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. દુનિયાની મોટી શક્તિઓ આ મુદ્દે બે સ્પષ્ટ જૂથોમાં વહેંચાઈ ગઈ છે. રશિયા અને ચીન જેવા દેશોએ આને ખુલ્લો હુમલો ગણાવીને આકરી નિંદા કરી છે, જ્યારે કેટલાક દેશોએ અમેરિકાના આ પગલાનું સમર્થન કર્યું છે. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય કાયદા, દેશની સાર્વભૌમત્વ અને સૈન્ય હસ્તક્ષેપને લઈને નવી ચર્ચા છેડી દીધી છે.

રશિયાઃ રશિયાના વિદેશ મંત્રાલયે અમેરિકાને એક સાર્વભૌમ દેશના કાયદેસર રીતે ચૂંટાયેલા પ્રમુખ અને તેમના પત્નીને તાત્કાલિક મુક્ત કરવાની અપીલ કરી છે. રશિયાએ કહ્યું કે કોઈપણ વિવાદનો ઉકેલ માત્ર સંવાદ દ્વારા જ લાવી શકાય છે.

ચીનઃ ચીને અમેરિકન હવાઈ હુમલાને 'દાદાગીરીભર્યું પગલું' ગણાવ્યું અને કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું ગંભીર ઉલ્લંઘન છે.

બ્રાઝિલઃ બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ આ કાર્યવાહીને 'અસ્વીકાર્ય હદ' ગણાવી અને કહ્યું કે આ વેનેઝુએલાની સાર્વભૌમત્વ પર ગંભીર હુમલો છે.

મેક્સિકોઃ મેક્સિકોના પ્રમુખ ક્લાઉડિયા શિનબામે માદુરોની ધરપકડની નિંદા કરી અને કહ્યું કે જો અમેરિકા વેનેઝુએલાનું શાસન પોતાના હાથમાં લેશે તો તેમનું કેબિનેટ સંબંધોની સમીક્ષા કરશે.

સમર્થન કરનારા દેશો અને નેતાઓ

કેટલાક દેશો અને નેતાઓએ અમેરિકાની આ કાર્યવાહીનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે.

આર્જેન્ટિનાઃ પ્રમુખ જેવિયર મિલેઈએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'આઝાદી આગળ વધી રહી છે. આઝાદી ઝિંદાબાદ.'

ઈક્વાડોરઃ પ્રમુખ ડેનિયલ નોબોઆએ કહ્યું કે 'નાર્કો-ચાવિસ્ટા અપરાધીઓ'નો અંત નજીક છે.

કેનેડાઃ વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું કે તેમની સરકાર વેનેઝુએલાના લોકો માટે લોકશાહી, શાંતિ અને સમૃદ્ધિના અવસરનું સ્વાગત કરે છે.

ઈલોન મસ્કઃ ટેક અબજોપતિ મસ્કે ઠ પર લખ્યું, 'અભિનંદન, પ્રમુખ ટ્રમ્પ. આ સમગ્ર વિશ્વની જીત છે અને દરેક જગ્યાએ રહેલા દુષ્ટ સરમુખત્યારો માટે સ્પષ્ટ સંદેશ છે.'

સંયમ અને સાવચેતીભર્યું વલણયુરોપના મોટાભાગના દેશોએ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે.

ઈટાલીઃ વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ કહ્યું કે બાહ્ય સૈન્ય કાર્યવાહી યોગ્ય માર્ગ નથી, પરંતુ માદક પદાર્થોની તસ્કરીને પ્રોત્સાહન આપતા રાજ્યો સામે રક્ષણાત્મક હસ્તક્ષેપ કાયદેસર હોઈ શકે છે.

બ્રિટનઃ વડાપ્રધાન કીયર સ્ટાર્મરે સ્પષ્ટ કર્યું કે બ્રિટન આ કાર્યવાહીમાં સામેલ નહોતું, પરંતુ તેમણે કહ્યું કે બ્રિટન લાંબા સમયથી વેનેઝુએલામાં સત્તા પરિવર્તનનું સમર્થન કરતું રહ્યું છે અને માદુરોને ગેરકાયદેસર પ્રમુખ માનતું રહ્યું છે.

ફ્રાન્સઃ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું કે વેનેઝુએલાના લોકો નિકોલસ માદુરોની તાનાશાહીમાંથી મુક્ત થયા છે અને આગામી સત્તા પરિવર્તન શાંતિપૂર્ણ અને લોકતાંત્રિક હોવું જોઈએ.

યુરોપિયન યુનિયનઃ EUએ તમામ પક્ષોને સંયમ રાખવાની અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવાની અપીલ કરી છે.

અમેરિકામાં જ વિરોધ

અમેરિકાની અંદર પણ આ કાર્યવાહીનો તીખો વિરોધ જોવા મળ્યો.

ન્યૂયોર્કના મેયરઃ મેયર મમદાનીએ કહ્યું કે કોઈ સાર્વભૌમ દેશ પર એકપક્ષીય હુમલો યુદ્ધની કાર્યવાહી છે અને આ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે.

બર્ની સેન્ડર્સઃ સેનેટર બર્ની સેન્ડર્સે ટ્રમ્પ પર કાયદા પ્રત્યે અનાદરનો આરોપ લગાવ્યો અને આને 'ખુલ્લો સામ્રાજ્યવાદ' ગણાવ્યો. તેમણે કહ્યું કે આ પગલું અમેરિકા અને દુનિયા બંનેને ઓછું સુરક્ષિત બનાવે છે.

ટ્રમ્પની ભવિષ્યની યોજના

માદુરોની ધરપકડ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ત્યાં સુધી વેનેઝુએલાને 'ચલાવશે', જ્યાં સુધી સત્તાનું સુરક્ષિત હસ્તાંતરણ ન થઈ જાય. તેમણે એ પણ કહ્યું કે અમેરિકા વેનેઝુએલાના વિશાળ તેલ ભંડારનો ઉપયોગ કરશે અને અન્ય દેશોને મોટી માત્રામાં તેલ વેચશે.

### મુંબઈમાં 'મરાઠી મેયર'ની માંગ

# મુંબઈ જ નહીં મહારાષ્ટ્રના તમામ મેયર મરાઠી જ હોવા જોઈએઃ રાજ ઠાકરે

### બંને પક્ષોએ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો, રાજ ઠાકરે ૨૦ વર્ષ બાદ મુંબઈના દાદરમાં શિવાજી પાર્ક સ્થિત 'શિવસેના ભવન' પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈની BMC ચૂંટણી પહેલા ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના પક્ષે ગઠબંધન કર્યું છે. વર્ષોથી છૂટા પડેલા બે ભાઈઓ ફરી એક થયા છે. જે બાદ આજે બંને પક્ષોએ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. આજે રાજ ઠાકરે ૨૦ વર્ષ બાદ મુંબઈના દાદરમાં શિવાજી પાર્ક સ્થિત 'શિવસેના ભવન' પહોંચ્યા.

શિવસેના ભવનમાં રાજ ઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને સંજય રાઉતે ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહાર કર્યા. રાજ ઠાકરેએ કહ્યું, કે ૨૦ વર્ષ બાદ અહીં આવીને લાગે છે જાણે જેલની બહાર આવ્યો હોઉં. સૌ કોઈ મને પૂછી રહ્યા છે જે ૨૦ વર્ષ અહીં આવીને કેવું લાગી રહ્યું છે. શિવસેના ભવન સાથે મારી ઘણી જૂની યાદો જોડાયેલી છે. મેં અહીં ઘણા દિવસ વિતાવ્યા. ૧૯૭૭માં શિવસેના ભવન બન્યું ત્યારે તે સમયની જનતા પાર્ટીએ અહીં પથ્થરમારો કર્યો હતો. અમારા શિવસૈનિકોએ તેમના પર ટ્યુબલાઈટ ફેંકીને જડબાતોડ જવાબ આપ્યો હતો.

મુંબઈના મેયરની ચૂંટણીમાં પણ રાજ ઠાકરેએ ગુજરાતને વચ્ચે લાવ્યા. તેમણે કહ્યું, કે વડોદરામાં મરાઠા સામ્રાજ્યનો ઈતિહાસ રહ્યો છે. છતાં ત્યાં દરેક મેયર ગુજરાતી જ હોય છે. તો પછી મુંબઈમાં કેમ એવો સવાલ ઊભો થાય છે કે મેયર મરાઠી હશે કે નહીં? મહારાષ્ટ્રના દરેક શહેરમાં મેયર મરાઠી જ હોવો જોઈએ. હું પહેલા પણ કહી ચૂક્યો છું, અમે હિન્દુ છીએ હિન્દી નહીં. રાજ ઠાકરેએ વધુમાં કહ્યું, કે કોઈ પણ સત્તામાં હંમેશા માટે નથી રહેતા. આજે જે સત્તામાં છે તે બહાર થશે ત્યારે શું કરશે? મહારાષ્ટ્રને યુપી-બિહાર બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. જે મહારાષ્ટ્રના ભવિષ્ય માટે ખતરનાક છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, કે ખુશીની વાત છે કે અમને સાથે જોઈને સમગ્ર મહારાષ્ટ્ર આનંદિત છે. ભાજપના શાસનમાં લોકશાહી નથી બચી. પહેલા વોટ ચોરી થતી હતી, હવે ઉમેદવારો ચોરી થઈ રહ્યા છે. સત્તા પક્ષમાં ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ રહ્યા છે. વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકર વિરુદ્ધ પોલીસ ફરિયાદ થવી જોઈએ. તેઓ પોતાની સત્તાનો દુરુપયોગ કરી રહ્યા છે અને વિપક્ષના ધારાસભ્યો પર દબાણ બનાવી રહ્યા છે. જ્યાં જ્યાં સત્તા પક્ષના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા ત્યાં ફરી ચૂંટણી થવી જોઈએ.

### અરવલ્લીનો ૩૧% હિસ્સો જોખમમા

# ભૂગર્ભ જળ સંગ્રહ અટકી જશે, કેન્દ્રના દાવાને નકારતી સ્ટડી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારનો દાવો છે કે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા એટલે કે ૧૦૦ મીટરની લિમિટને કારણે માત્ર ૦.૧૯ ટકા હિસ્સો જ ખનન માટે લાયક છે. જોકે કેન્દ્રના આ દાવાને ફગાવતી એક સ્ટડી સામે આવી છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે અરવલ્લીનો ત્રીજો હિસ્સો એટલે કે લગભગ ૩૩ ટકા ભાગ અત્યંત જોખમભરી સ્થિતિમાં છે.

સેટેલાઈટના ડેટાના ઉપયોગથી તૈયાર કરાયેલા આ સ્વતંત્ર સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે અરવલ્લીનો ૩૧.૮ ટકા હિસ્સો એવો છે કે જે ૧૦૦ મીટરની કેન્દ્રની વ્યાખ્યા હેઠળ આવે છે. એનો અર્થ એમ થયો કે ૩૧ ટકા હિસ્સો ખનન માટે પસંદ કરવામાં આવી શકે છે જેને કારણે અરવલ્લી પર મોટું જોખમ છે. ક્લાઈમેટ વૈજ્ઞાનિક અને પર્યાવરણ એક્ટિવિસ્ટ ડો. સુધાંશુએ કહ્યું હતું કે પોલિસી ગેપને ગંભીર રીતે ઉજાગર કરે તેવું આ સંશોધન છે. નીચી પહાડીઓ છે તેને વેસ્ટ લેન્ડ તરીકે ખોટી રીતે દર્શાવવામાં આવી રહી છે.

હરિયાણા, રાજસ્થાન, દિલ્હીના લાખો લોકો પર પર્યાવરણ અને જળનું જોખમ વધી શકે છે. જો અરવલ્લી વિસ્તારમાં ખોદકામની છૂટ આપવામાં આવી અને ખનન થવા લાગ્યું તો રાજસ્થાનનું રણ છે તે વધવા લાગશે. થાર પ્રાંતનું પ્રમાણ વધશે.

એટલુ જ નહીં જયપુર, ગુરુગ્રામ, અને દિલ્હીના નાગરિકોને જે પીવાનું પાણી મળી રહ્યું છે તે છીનવાઈ જશે કેમ કે આ પહાડીઓ ભુગર્ભમાં જળ સંગ્રહ તરીકેનું કામ કરે છે.

હાલમાં ચિત્તોડગઢ, નાગૌર, બુદી, સવાઈ માધોપુર જેવા વિસ્તારોમાં માઈનિંગ થઈ રહ્યું છે જેને તાત્કાલીક અટકાવવાની જરૂર છે કેમ કે આ વિસ્તાર પણ અરવલ્લી પર્વતમાળા હેઠળ આવે છે.

# વેનેઝુએલા પર હુમલા બાદ ટ્રમ્પની પ્રથમ પ્રેસ કોન્ફરન્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલામાં ઓપરેશનને લઈને પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને ઓપરેશનની ડિટેલ શેર કરી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે, વેનેઝુએલા પર હવે અમારો કંટ્રોલ છે અને વેનેઝુએલાના લોકો ખુશ છે. ટ્રમ્પે કહ્યું કે આ ઓપરેશનથી આખા વિસ્તારમાં ડ્રગ્સના નેટવર્કનો ખાતમો થઈ ગયો છે. ટ્રમ્પે આ ઓપરેશન માટે અમેરિકી સેનાને શુભકામના આપી છે. ટ્રમ્પે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, કાલે મોડી રાત અને આજે સવારે મારા નિર્દેશ પર યુનાઈટેડ સ્ટેટ્સ આર્મ્ડ ફોર્સેઝે વેનેઝુએલાની રાજધાનીમાં એક અસાધારણ મિલિટરી ઓપરેશન કર્યું. જબરદસ્ત અમેરિકી મિલિટરી તાકાત, હવા, જમીન અને સમુદ્ર, નો ઉપયોગ કરીને એક શાનદાર હુમલો કર્યો. આ એવો હુમલો હતો, જેવું લોકોએ બીજા વિશ્વ યુદ્ધ બાદથી જોયું નહોતું. આ કારાકાસની વચ્ચે એક મજબૂત મિલિટરી કિલ્લા વિરુદ્ધ એક કાર્યવાહી હતી, જેથી ગેરકાનૂની તાનાશાહ નિકોલસ માદુરોને ન્યાયના કઠેડામાં લાવી શકાય. આ અમેરિકી ઈતિહાસમાં અમેરિકી મિલિટરી તાકાત અને કાબેલિયતનો સૌથી શાનદાર, અસરકારક અને શક્તિશાળી પ્રદર્શનમાંથી એક હતું. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અનુસાર, વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને રાજધાની કારાકાસ પર મોટા પાયે અમેરિકી હુમલા બાદ પકડી લેવામાં આવ્યા છે. ટ્રમ્પે USS ઈવો જિમા પર માદુરોની એક તસવીર પોસ્ટ કરી છે, જે ન્યૂયોર્ક જઈ રહ્યા હતા. આ ફોટોમાં માદુરો બેડીઓથી બંધાયેલા છે.

### ભક્તોએ નવા વર્ષના દિવસે ઉદાર હાથે દાન આપ્યું છે

# નવા વર્ષમાં શિરડી સાંઈ બાબા મંદિરમાં દાનનો થયો વરસાદ

### કુલ રૂપિયા ૧૦,૧૮,૮૬,૯૫૫ અને રૂપિયા ૧૬,૮૩,૬૭૩ વિદેશી ચલણમાં ૨૬ અલગ અલગ દેશોમાંથી આવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના શિરડી સાંઈ બાબા મંદિરમાં ભક્તોએ નવા વર્ષના દિવસે ઉદાર હાથે દાન આપ્યું છે. સંસ્થાના મુખ્ય કાર્યકારી અધિકારીએ જણાવ્યું હતું કે, એક જ દિવસમાં આશરે રૂપિયા ૨૩.૨૯ કરોડનું દાન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે નાતાલની રજાઓ દરમિયાન, નવા વર્ષને વિદાય આપતા અને નવા વર્ષનું સ્વાગત કરતા લોકોએ તેમની શ્રદ્ધા અનુસાર દાન આપ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું કે દાન પેટીઓમાંથી કુલ રૂપિયા ૨૨,૦૨,૬૧,૦૦૬, દાન કાઉન્ટરમાંથી રૂપિયા ૩,૨૨,૪૩,૩૮૮, પીઆર ટોલ પાસમાંથી રૂપિયા ૨,૪૨,૬૦,૦૦૦, અને ડેબિટ/ક્રેડિટ કાર્ડ, ઓનલાઈન દાન, ચેક/ડીડી અને મની ઓર્ડર દ્વારા પણ દાન આપવામાં આવ્યું હતું, જે કુલ રૂપિયા ૧૦,૧૮,૮૬,૯૫૫ અને રૂપિયા ૧૬,૮૩,૬૭૩ વિદેશી ચલણમાં ૨૬ અલગ અલગ દેશોમાંથી આવ્યા હતા.મુખ્ય કાર્યકારી અધિકારીએ માહિતી આપી હતી કે લોકોએ ઘરેણાં પણ દાન કર્યા છે. મંદિરમાં રૂપિયા ૩૬,૩૮,૬૧૦ની કિંમતનું સોનું (૨૯૩.૯૧૦ ગ્રામ) અને રૂપિયા ૯,૪૯,૭૪૧ની કિંમતનું ચાંદી (૦૫ કિલો ૯૮૩ ગ્રામ) દાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, નવા વર્ષના પહેલા દિવસે, શ્રી સાંઈ બાબાના ચરણોમાં ૬૫૫ ગ્રામ વજનનો સોના-હીરાનો મુગટ અને એક આકર્ષક નક્ષિકમ અર્પણ કરવામાં આવ્યું હતું. આ મુગટની કિંમત રૂપિયા ૮૦ લાખ હોવાનો અંદાજ છે અને તેમાં આશરે ૫૮૫ ગ્રામ શુદ્ધ સોનું અને આશરે ૧૫૩ કેરેટ કિંમતી હીરા છે. આ રીતે સંસ્થાને વિવિધ સ્ત્રોતોમાંથી કુલ આશરે રૂપિયા ૨૩,૨૯,૨૩,,૩૭૩નું દાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત, આ સમયગાળા દરમિયાન શ્રી સાંઈ પ્રસાદાલયમાં ૬ લાખથી વધુ સાંઈ ભક્તોએ મફત પ્રસાદ ભોજનનો લાભ લીધો હતો. જ્યારે ૧,૦૯,૦૦૦થી વધુ સાંઈ ભક્તોએ ફૂડ પેકેટનો લાભ લીધો છે. ૭,૬૭,૪૪૪ લાડુ પ્રસાદ પેકેટ વેચાયા હતા, જેના દ્વારા ૨,૩૦,૨૩,૦૦૦ રૂપિયા પ્રાપ્ત થયા છે. ૫,૭૬,૪૦૦ સાંઈ ભક્તોએ મફત પ્રસાદ પેકેટનો લાભ લીધો છે.

મળતી માહિતી મુજબ શ્રી સાંઈબાબા સંસ્થાન દ્વારા પ્રાપ્ત દાનનો ઉપયોગ શ્રી સાંઈબાબા હોસ્પિટલ અને શ્રી સાંઈનાથ હોસ્પિટલ, શ્રી સાંઈ પ્રસાદાલય, સંસ્થાનની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં મફત ભોજન પૂરું પાડવા, બહારના દર્દીઓ માટે દાન, સાંઈ ભક્તોની સુવિધા માટે શરૂ કરવામાં આવી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને વિવિધ સામાજિક કાર્યો માટે કરવામાં આવી રહ્યો છે.




## તંત્રી લેખ......

### ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું

નવા વર્ષના પહેલા અઠવાડિયામાં ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. દિલ્હી, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત મેદાની વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ અને ઠંડી ના મોજાએ સામાન્ય જનજીવનને ખોરવી નાખ્યું છે, જ્યારે જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઉપરના ભાગોમાં તાજી હિમવર્ષા એ પ્રવાસીઓને આકર્ષ્યા છે. સવારે અને સાંજે ગાઢ ધુમ્મસ છવાયેલું રહે છે, જેના કારણે દશ્યતામાં ઘટાડો થાય છે. લઘુત્તમ તાપમાન ૮-૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે, મહત્તમ તાપમાન ૧૬-૧૮ ડિગ્રી સેલ્સિયસ રહે છે. વિવિધ વિસ્તારોમાં ઠંડી ની સ્થિતિ ચાલુ રહે છે, જેના પરિણામે દિવસ ઠંડો રહે છે. હવાઈ અને રેલ ટ્રાફિક પ્રભાવિત થયો છે, ઘણી ફ્લાઈટ્સ મોડી પડી છે. લખનૌ, વારાણસી અને પ્રયાગરાજ સહિત ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ધુમ્મસના કારણે ટ્રાફિક જામ અને અકસ્માતોનું જોખમ સર્જાયું છે.

રાજ્યભરમાં ભારે ઠંડી પ્રવર્તી રહી છે. આગામી થોડા દિવસો સુધી રાહતની કોઈ આશા નથી. શનિવારે રાજધાની ધુમ્મસ મુક્ત રહી હતી, પરંતુ ઠંડીના મોજાને કારણે દિવસનું તાપમાન ૧૬.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, લખનૌ સહિત ઘણા જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ માટે કોલ્ડવેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે બાંદા, ચિત્રકૂટ, પ્રયાગરાજ સહિત લગભગ ૩૦ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસની આગાહી કરવામાં આવી છે. ઘણા જિલ્લાઓમાં ધુમ્મસને કારણે સવારે શૂન્ય દશ્યતા નોંધાઈ હતી. રવિવાર અને સોમવારે લઘુત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે, જેના કારણે ઠંડીમાં વધારો થશે અને આ સમય દરમિયાન ધુમ્મસ પણ ગાઢ બનશે. બે ડઝનથી વધુ જિલ્લાઓમાં સવારની દશ્યતા શૂન્ય રહી શકે છે. રાજધાની સહિત પૂર્વી અને મધ્ય યુપીના ઘણા જિલ્લાઓમાં ત્રણ-ચાર દિવસ સુધી સૂર્યપ્રકાશ જોવા મળશે નહીં.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, જિલ્લા કલેકટરશ્રી તેમજ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો આપતા શ્રી અમિતભાઈ શાહ

# ગાંધીનગરમાં પાણીજન્ય ટાઈફોઈડની સ્થિતિ અંગે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના તંત્રને યુદ્ધના ધોરણે કામગીરી કરવાના આદેશ

દર્દીઓને નિષ્ણાંત તબીબો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા અને હોસ્પિટલમાં સગાઓ માટે ભોજનની વ્યવસ્થા કરવા તંત્રને સૂચિત કરતા શ્રી અમિતભાઈ શાહ

**લીકેજના તાત્કાલિક સમારકામ અને દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિનો ફેલાવો અટકાવવા આસપાસના વિસ્તારોમાં પાઈપલાઈનની સઘન ચકાસણીના આદેશ આપતા શ્રી અમિતભાઈ શાહ**

ગાંધીનગર શહેરના સેકટર ૨૪, ૨૮ અને આદિવાડા વિસ્તારમાં પાણીની પાઈપલાઈન લીકેજના થવાના કારણે દૂષિત પાણીથી બાળકો અને નાગરિકોમાં ટાઈફોઈડના કેસ સામે આવ્યા છે જે અંગે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, જિલ્લા કલેકટરશ્રી તેમજ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સાથે સતત સંપર્કમાં રહી, ચર્ચા કરી વર્તમાન પરિસ્થિતિ અંગે સંપૂર્ણ વિગતો મેળવી પ્રવર્તમાન પરિસ્થિતિ સામે યુદ્ધના ધોરણે કામગીરી કરવા સૂચના આપી છે.

શ્રી અમિતભાઈ શાહે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ટાઈફોઈડથી અસરગ્રસ્ત બાળકો અને નાગરિકોને નિષ્ણાંત તબીબો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે માટેના આદેશ આપ્યા છે તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પીડિત દર્દીઓ અને સગાઓ માટે ભોજનની સુવિધા સુનિશ્ચિત કરવા અંગે સૂચના આપી છે. શ્રી શાહે લીકેજના તાત્કાલિક સમારકામ અને આ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિનો ફેલાવો વધુ ન થાય તે માટે આસપાસના વિસ્તારોમાં પણ પાઈપલાઈનની સઘન ચકાસણીના આદેશ આપ્યા છે.

ગાંધીનગર શહેરમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસો અંગે સઘન આરોગ્ય વ્યવસ્થા અને સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે.

જે વિસ્તારોમાંથી આ શંકાસ્પદ કેસો મળી આવ્યા છે તે સેક્ટર ૨૪, ૨૬ અને ૨૮ તથા આદીવાડામાં ૭૫ હેલ્થ ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો છે

આ શંકાસ્પદ ટાઈફોડના ૧૧૩ કેસો અત્યાર સુધીમાં મળી આવ્યા છે અને સારવાર ગ્રસ્ત દર્દીઓમાંથી ૧૯ ને ડિસ્ચાર્જ કરી દેવાયા છે.

અન્ય ૯૪ દર્દીઓને ગાંધીનગર સિવિલ તેમજ સેક્ટર ૨૪ અને ૨૯ ના UHCમાં સારવાર અપાઈ રહી છે અને આ દર્દીઓની હાલત સ્થિર છે. અસર ગ્રસ્ત વિસ્તારોમાં 24×7 ઓપીડી શરૂ કરવામાં આવી છે . જે દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાય છે તેમના સગા સંબંધીઓ માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સર્વેક્ષણ ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૨૦,૮૦૦ થી વધુ ઘરોમાં સર્વે કરીને ૯૦ હજારથી વધુ વસ્તીને આવરી લીધી છે

રોગ અટકાયતના પગલાં તરીકે ૩૦૦૦૦ ક્લોરિન ટેબલેટ અને ૨૦,૬૦૦ ORS પેકેટ વિતરણ કરાયા છે.

સરવેક્ષણ ટીમો ઘરે-ઘરે સંપર્ક કરીને જાગૃતિ પત્રિકાઓ વિતરણ કરવા સાથે લોકોને પાણી ઉકાળીને જ પીવાની, બહારના ખોરાક ન ખાવાની તેમ જ હાથ સ્વચ્છ રાખવા સહિતની માહિતી પૂરી પાડે છે

રોગચાળાના નિયંત્રણ માટે પાણીના સુપર ક્લોરીનેશનની કાર્યવાહી વેગવંતી બનાવવામાં આવી છે અને પાણીમાં ક્લોરીનેશનની માત્રા પણ તપાસવામાં આવે છે.


મહાનગર પાલિકા તંત્ર દ્વારા સોમવાર સુધીમાં 24X7 પાણી સપ્લાયના સ્વિચઓવરની કામગીરી હાથ ધરાશે. આના પરિણામે છેવાડાના ઘરો સુધી ક્લોરિનની યોગ્ય માત્રા વાળું પાણી પહોંચાડી શકાશે

રોગ અસરગ્રસ્ત વિસ્તારોમાં જે હ્નાના મોટા લીકેજ મળી આવ્યા છે તેનું રીપેરીંગ પણ તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં પાણીપુરી, રગડા પેટીસ, બરફ ગોળા, શિકંજી સોડા તથા દૂધની બનાવટના પીણાઓના વેચાણની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે.

# રાજ્યપાલશ્રીના હસ્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ રાજકોટના ટ્રસ્ટી શ્રી મનુભાઈ પટોલિયા દ્વારા લિખિત ‘From Startups to Success’ પુસ્તકનું વિમોચન

### ગુરુકૂળોમાં સંસ્કાર, શિક્ષણ, શિસ્ત અને સામાજિક જવાબદારીઓનું સંવર્ધન થાય છે – રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી






ગાંધીનગર લોકભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ રાજકોટના ટ્રસ્ટી શ્રી મનુભાઈ પટોલિયા દ્વારા લિખિત 'From Startups to Success' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, જીવનમાં સફળતા માત્ર આર્થિક પ્રગતિ સુધી જ સિમિત નથી પરંતુ સંસ્કાર, નૈતિકતા અને માનવીય મૂલ્યોનું જતન પણ એટલું જ જરૂરી છે. ગ્રામ્ય જીવનમાંથી આગળ વધીને વૈશ્વિક સ્તરે સફળતા પ્રાપ્ત કરનાર શ્રી મનુભાઈ પટોલિયાનું જીવન યુવા પેઢી માટે પ્રેરણાદાયક છે. તેમના ૭૨ વર્ષના અનુભવોના આધારે લખાયેલ ‘ફ્રોમ સ્ટાર્ટઅપ ટુ સક્સેસ’ પુસ્તક સંઘર્ષ કરતા યુવાનોને સાચી દિશા અને માર્ગદર્શન આપશે. રાજ્યપાલશ્રીને ગુરુકૂળ પરંપરાની પ્રશંસા કરતા જણાવ્યું કે, ગુરુકુળો દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિક્ષણ, શિસ્ત અને સામાજિક જવાબદારીઓનું સંવર્ધન થાય છે. જે આજના સમય માટે અંત્યત આવશ્યક છે. તેમણે પુસ્તકના લેખક તથા સમગ્ર મિશનમાં જોડાયેલા તમામ સહયોગીઓને અભિનંદન પાઠવી સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે સતત કાર્યરત રહેવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રાજકોટ ગુરુકુળના મહંતશ્રી સ્વામી દેવપ્રસાદજીએ જણાવ્યું કે, રાજકોટ ગુરુકુળમાંથી અભ્યાસ કરી ચૂકેલા મનુભાઈ પટોલિયા જેવા અનેક વિદ્યાર્થીઓએ વૈશ્વિક સ્તરે ગુરુકૂળ સહિત દેશનું નામ રોશન કર્યુ છે. ગુરુકૂળમાંથી ભણેલા વિદ્યાર્થીઓ સારા નાગરિક બનીને સમાજ અને દેશના વિકાસમાં સહભાગી બની રહ્યા છે. કાર્યક્રમ દરમ્યાન મનુભાઈ પટોલિયાએ પોતાના જીવનના પ્રસંગો વિશેની વાત કરી કરી હતી. સાથે જ તેમણે એમ પણ જણાવ્યું કે, તેમના દ્વારા લિખિત પુસ્તક યુવા વર્ગને સતત આગળ વધવાની પ્રેરણા અચૂક પુરી પાડશે. આ પ્રસંગે રાજકોટ ગુરુકુળના ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ દૂધાતે સ્વાગત પ્રવચન કરી મનુભાઈના જીવનની પ્રેરણાત્મક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટના સંતો, અગ્રણીઓ તેમજ મનુભાઈ પટોલિયાના પરિવારજનો તેમજ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

ઓડિશાના ઢેંકાનાલ જિલ્લાની ઘટના

## ગેરકાયદેસર ખનીજ ચોરી માટે પથ્થરની ખાણમાં વિસ્ફોટ

બચાવ ટીમો બચાવ કામગીરી ચલાવી રહી છે આ વિસ્ફોટથી વિસ્તારમાં ગેરકાયદે ખાણકામ પ્રવૃત્તિ અંગે પણ ચિંતા વ્યક્ત થઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓડિશા

ઓડિશાના ઢેંકાનાલ જિલ્લાના મોટાંગા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે એક પથ્થરની ખાણમાં મોટો વિસ્ફોટ થયો

બે લોકોના મોત થયા, જ્યારે ઘણા લોકો અંદર ફસાયા હોવાની આશંકા છે. બચાવ ટીમો બચાવ કામગીરી ચલાવી રહી છે. આ વિસ્ફોટથી વિસ્તારમાં ગેરકાયદે ખાણકામ પ્રવૃત્તિ અંગે પણ ચિંતા વ્યક્ત થઈ છે. ગોપાલપુર ગામ નજીક એક ગેરકાયદે ખાણમાં વિસ્ફોટ થયો હતો.

વટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા અને વિસ્તારને સુરક્ષિત કરી લીધો.ઓડાપાડા તહસીલદાર અને મોટાંગા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ખાણમાં પહોંચ્યા અને પ્રારંભિક તપાસ શરૂ કરી. સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો, અને જાહેર પ્રવેશને રોકવા માટે પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. અસરગ્રસ્ત વિસ્તારની નજીક અવરજવર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

તહસીલદાર અને મોટાંગા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જ (IIC) સહિત ઘણા વરિષ્ઠ અધિકારીઓ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે આખી રાત ઘટનાસ્થળે રહ્યા. એવો દાવો કરવામાં આવ્યો છે કે વિસ્ફોટ પછી ખાણની અંદર માટીનો એક ભાગ તૂટી પડ્યો હતો. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ઘેંકાનાલ જિલ્લા ખાણકામ કાર્યાલયે અગાઉ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ભાડે લેનારને બ્લાસ્ટિંગ માટે પરવાનગી ન હોવાનો હવાલો આપીને બંધ કરવાનો આદેશ જારી કર્યો હતો. તેમ છતાં, નિયમોનું ઉલ્લંઘન કરીને સ્થળ પર બ્લાસ્ટિંગ ચાલુ રહ્યું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટના મોડી રાત્રે બની હોવાથી કામદારોને શોધવાનું મુશ્કેલ છે. હાલમાં સ્થળ પર બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. લીઝ સમાપ્ત થયા પછી સ્થાનિક રહેવાસીઓ પણ ખાણકામ અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. જોકે, ખાણ ભાડાપટ્ટાની સમાપ્તિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે તેમને ગઈકાલે રાત્રે આ ઘટના વિશે માહિતી મળી હતી. આદેશ મળ્યા પછી, બચાવ કામગીરી માટે સાત ટીમો સ્થળ પર રવાના કરવામાં આવી હતી. તેમને ખાડામાં એક શરીરનો ભાગ મળ્યો. આટલા મોટા પથ્થરોને હાથથી દૂર કરવા મુશ્કેલ છે, તેથી ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવશે. ડોગ સ્ક્વોડ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે, અને પરિસ્થિતિ સામાન્ય થવામાં થોડો સમય લાગી શકે છે. કારણ કે પથ્થરો દૂર કરવામાં સમય લાગી રહ્યો છે.

૧૫-૨૦ લોકોની ટોળકીએ છરીથી હુમલો કરી દીધો

## રાજકોટમાં ગૌરક્ષકો પર ૧૫ લોકોની ટોળકીએ કર્યો તીક્ષ્ણ હથિયાર વડે હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં લીમડા ચોક પાસે પંચનાથ મહાદેવના મંદિરની સામે બે ગૌરક્ષક પર ટોળકીએ છરીથી જીવલેણ હુમલો કરતાં ચકચાર મચી છે. શનિવારે (૩ જાન્યુઆરી)ના રોજ બે ગૌરક્ષકે પશુને કતલખાને જતાં બચાવવા જિંદગીની બાજી લગાવી હતી. ૧૫ થી ૨૦ ઈસમોએ વળતો પ્રહાર કરી બે ગૌરક્ષક પર હુમલો કર્યો હતો. જેમાં એકને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં દાખલમાં કર્યો છે.

બે જીવદયા પ્રેમી ગૌરક્ષક શનિવારની રાત્રે સદર બજારમાં પશુને કતલખાને જતાં બચાવવા ડેરો નાખીને ઊભા હતા. તેમણે બાતમી મળી હતી કે લીમડા ચોક પાસે પંચનાથ મહાદેવના મંદિર સામે પશુહત્યા કરનાર ઈસમો હેરાફેરી કરી રહ્યા છે, જેથી જોર શોરથી બૂમો પાડી પશુ અંગો ભરેલી રિક્ષા અટકાવી હતી. આરોપીએ ત્યાંથી વાહન સાથે ભાગી જવાનો પ્રયાસ કરતો હતો ત્યાં અન્ય એક ફોર વ્હીલ સાથે રિક્ષા અથડાવી દીધી હતી.

છતાં પણ હિંમત રાખી બંને ગૌરક્ષકોએ પશુ અંગો ભરેલી રિક્ષા સાથે ઈસમને પકડી પાડ્યો હતો અને પોલીસ કંટ્રોલ રૂમમાં બનાવની જાણ કરી હતી. પણ તે જ સમયે ૧૫ થી ૨૦ ઈસમો ત્યાં આરોપીને બચાવવા આવી પહોંચ્યા હતા, અને બંને ગૌરક્ષક પર છરીથી ઘાતકી હુમલો કરી દીધો હતો.જેમાં એક જીવદયા પ્રેમી કિશન શર્માને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

બીજી તરફ સાથી ગૌરક્ષક જયેન્દ્ર રાદવાણિયાએ સમગ્ર મામલે પ્રદ્યુમ્નનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

ન્યૂયોર્કમાં માદુરોને ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે

# અમેરિકાની સૌથી ડરામણી જેલમાં રાખવામાં આવ્યા રાષ્ટ્રપતિ માદુરોને

### માદુરોએ પોતાના સાથીઓને ‘ગુડ નાઈટ, હેપ્પી ન્યૂ યર’ કહીને હોલમાં પ્રવેશ કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક

વેનેઝુએલાની રાજનીતિ અને અમેરિકાની સૈન્ય કાર્યવાહીએ દુનિયાને હચમચાવી દીધી છે. અમેરિકાના સૈનિકો દ્વારા ધરપકડ કરવામાં આવેલા રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને હવે ન્યૂયોર્કમાં અમેરિકાની સૌથી વિવાદાસ્પદ અને ડરામણી જેલમાં રાખવામાં આવ્યા છે. હિંસા, ભીડભાડ, અંધકાર અને ડર માટે બદનામ આ જેલમાં માદુરોનું રહેવું અનેક સવાલો ઉભા કરી રહ્યું છ

વેનેઝુએલા પર અમેરિકી સૈન્ય કાર્યવાહીમાં રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસની ધરપકડ કરવામાં આવી છે. શનિવારે ન્યૂયોર્કના સ્ટીવર્ટ એર નેશનલ ગાર્ડ બેઝ પર વિમાનમાંથી ઉતરેલા માદુરોના હાથમાં હથકડી લાગેલી હતી. તેમનો પહેલો વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ સ્મિત સાથે બે DEA અધિકારીઓ સાથે ફેસિલિટીમાં જતા જોવા મળ્યા. માદુરોએ પોતાના સાથીઓને ‘ગુડ નાઈટ, હેપ્પી ન્યૂ યર’ કહીને હોલમાં પ્રવેશ કર્યો હતો.અમેરિકી અધિકારીઓએ માદુરોને કારાકાસના મિલિટરી બેઝ પરથી અટકાયતમાં લીધા હતા. ન્યૂયોર્ક પહોંચ્યા પછી તેમનું આગામી ઠેકાણું મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરછે. MDC મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટર ન્યૂયોર્કની એક ફેડરલ જેલ છે, જે ૧૯૯૦ના દાયકામાં ભીડભાડ ઓછી કરવા માટે બનાવવામાં આવી હતી. આ જેલ ગંદકી, કર્મચારીઓની અછત, કેદીઓ સાથે થતી હિંસા અને લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાવાને કારણે બદનામ છે. અહીં અનેક હાઈ-પ્રોફાઈલ કેદીઓ રહી ચૂક્યા છે, જેમ કે સિંગર આર. કેલી, માર્ટિન શ્રેલી, જેફરી એપસ્ટીનની સહયોગી ઘિસલેન મેક્સવેલ અને ડ્રગ કાર્ટેલ લીડર ઈસ્માઈલ ’એલ મેયો’ ઝામ્બાડા ગાર્સિયા વગેરે.MDCમાં કેદીઓ વચ્ચે હિંસા સામાન્ય છે. રિપોર્ટ્સ અનુસાર, જૂન ૨૦૨૪માં અહીં એક કેદીની છરી મારીને હત્યા કરવામાં આવી હતી. તેના એક મહિના પછી અન્ય એક કેદીનું મારામારીમાં મોત થયું હતું. આ અગાઉ ૨૦૧૯માં એક અઠવાડિયા સુધી વીજળી ગુલ થઈ જવાથી કેદીઓ ભીષણ ઠંડી અને અંધારામાં ફસાયેલા રહ્યા હતા. ત્યારબાદ ન્યાય વિભાગે તપાસ કરી અને ૧૬૦૦ અસરગ્રસ્ત કેદીઓને ૧ કરોડ ડોલરનું વળતર આપ્યું હતું. ન્યૂયોર્કમાં માદુરોને ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે, જ્યાં તેમની સામે ડ્રગ્સ તસ્કરી અને નાણાકીય ગુનાના આરોપો મૂકવામાં આવી શકે છે. અમેરિકી મીડિયા અનુસાર, આ પગલું અમેરિકાની કડક નીતિ અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંદેશ આપવાના પ્રયાસનો એક ભાગ છે.

પ્રેસ સ્વતંત્રતાને દફનાવવામાં આવી

## પાકિસ્તાનમાં કલમની હત્યા: ૭ પત્રકારોને આજીવન કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)પાકિસ્તાન

પાકિસ્તાનમાં પ્રેસ સ્વતંત્રતાને દફનાવવામાં આવી છે. આતંકવાદ વિરોધી અદાલત (ATC) એ ડિજિટલ આતંકવાદના આરોપસર આદિલ રાજા અને મોઈદ પીરઝાદા સહિત સાત પત્રકારોને આજીવન કેદની સજા ફટકારી છે. જનરલ અસીમ મુનીરના કહેવાથી આ દેશનિકાલ કરાયેલા પત્રકારો પર ૯ મેના રોજ થયેલી હિંસા ભડકાવવાનો આરોપ છે. પાકિસ્તાની ન્યાયિક પ્રણાલીને બ્લેકલિસ્ટ કરવાની હાકલ કરી છે, તેને કાંગારૂ કોર્ટનો નિર્ણય ગણાવ્યો છે. ૩ જાન્યુઆરીની સવારે, પાકિસ્તાનની ન્યાયિક પ્રણાલીએ એક ડેથ વોરંટ જારી કર્યું જેણે વૈશ્વિક પત્રકારત્વનો આત્માં કંપાવી નાખ્યો છે. આ વોરંટ કોઈ ભયાનક ગુનેગાર કે સરહદ પારના આતંકવાદી માટે નથી, પરંતુ સાત પત્રકારો માટે છે જેમની કલમો જનરલ અસીમ મુનીરના અઘોષિત સામ્રાજ્ય સામે આગ ફેલાવી રહી હતી. મુંબઈ હુમલાના ગુનેગારોને માનપૂર્વક મુક્ત કરનારી એ જ કોર્ટે આજે સાત બુદ્ધિજીવીઓને ડિજિટલ આતંકવાદી જાહેર કર્યા કારણ કે તેઓએ સત્ય બોલવાની હિંમત કરી હતી. પાકિસ્તાનની એક આતંકવાદ વિરોધી અદાલત (ATC) એ પત્રકારત્વના ઈતિહાસનો સૌથી કાળો ચુકાદો આપ્યો છે. આદિલ રાજા, વજાહત એસ. ખાન અને મોઈદ પીરઝાદા સહિત સાત અગ્રણી પત્રકારોને ડિજિટલ આતંકવાદના દોષિત ઠેરવવામાં આવ્યા છે અને તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

## સચાણા બાયપાસ પાસે જ્વલનશીલ પદાર્થ ભરેલું ટેન્કર ભડકે બળ્યું: હાઈવે પર ટ્રાફિક ડાયવર્ટ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આવેલા વિરમગામ-અમદાવાદ હાઈવે પર આજે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. વિરમગામ નજીક સચાણા ગામના બાયપાસ રોડ પરથી પસાર થઈ રહેલા જ્વલનશીલ પદાર્થ ભરેલા એક ટેકરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. ટેન્કરમાં રહેલો પદાર્થ અત્યંત જ્વલનશીલ હોવાને કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે હાઈવે પર દૂર-દૂર સુધી ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા. ઘટનાની મળતી માહિતી અનુસાર, સચાણા બાયપાસ પર ટેન્કરમાં આગ લાગતા જ આસપાસના વિસ્તારમાં અને હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ટેન્કરમાં વિસ્ફોટ થવાની ભીતિને પગલે લોકો સુરક્ષિત સ્થળે દોડી ગયા હતા. ઘટનાની જાણ થતા જ વિરમગામ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL) ની ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. આગની ગંભીરતાને જોતા તંત્ર દ્વારા વિરમગામ-અમદાવાદ હાઈવે પરનો એક તરફનો રસ્તો વાહનવ્યવહાર માટે તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો હતો. વાહનચાલકોની સુરક્ષા માટે પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે તૈનાત કરી દેવાયો છે. ફાયર વિભાગ દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના યુદ્ધના ધોરણે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રાથમિક અંદાજ મુજબ, શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ તાકનીકી કારણોસર આગ લાગી હોઈ શકે છે, જોકે ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

ખિજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૩૪ પ્રજાતિઓના ત્રણ લાખથી વધુ પક્ષીઓ નોંધાયાઃ નળ અને થોળ પક્ષી અભયારણ્યમાં અંદાજે કુલ ૪.૬૭ લાખથી વધુ પક્ષીઓ જોવા મળ્યા

# યાયાવર સહિત સ્થાનિક પક્ષીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય

## રાજ્યના વિવિધ જળ પ્લાવિત વિસ્તારોમાં વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે કુલ ૮.૩૩ લાખથી વધુ પક્ષીઓ બન્યા ગુજરાતના મહેમાન





સમગ્ર વિશ્વમાં આશરે ૯,૦૦૦ જેટલા વિવિધ જાતિના પક્ષીઓમાંથી ૧,૨૦૦ જાતિના પક્ષીઓ ભારતમાં જોવા મળે છે. જેમાંથી ૪૦૦થી વધુ પ્રજાતિઓ પરદેશી પ્રવાસી પંખીઓની છે. આ યાયાવર પક્ષીઓ સાયબીરીયા, પૂર્વ યુરોપ,ઉત્તર અને મધ્ય એશિયામાંથી ગુજરાત સહિત ભારતમાં આવે છે.

રાજ્યમાં પક્ષી-પ્રાણી સૃષ્ટિના સંરક્ષણ અને સંવર્ધનની સાથે પર્યાવરણના જતન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલી બનાવી છે, જેને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મક્કમતાથી આગળ વધારી રહ્યા છે. જેના પરિણામે ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી યાયાવર પક્ષીઓ અને પ્રાણીઓ માટે સૌથી વધુ સુરક્ષિત રાજ્ય બન્યું છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીના માર્ગદર્શનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણી-પક્ષી પ્રેમી સંસ્થાઓ દ્વારા તેમના સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત વિશ્વભરના પક્ષીઓ માટે પસંદગીનું રાજ્ય બન્યું છે ત્યારે છેલ્લા એક વર્ષમાં જામનગરના ખિજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૩૪ પ્રજાતિઓના અંદાજે ૩,૦૯,૦૬૨ પક્ષીઓ નોંધાયા છે. વર્ષ ૨૦૨૪ની છેલ્લી ગણતરી મુજબ નળ સરોવરમાં વિવિધ ૧૭૦થી વધુ પ્રજાતિઓના ૪.૧૨ લાખથી વધુ તેમજ થોળ પક્ષી અભયારણ્યમાં વિવિધ ૧૭૦થી વધુ પ્રજાતિઓના ૫૫,૫૮૭ પક્ષીઓ આમ કુલ ૪.૬૭ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે. જ્યારે વઢવાણા વેટલેન્ડ વિસ્તારમાં વર્ષ ૨૦૨૪-૨૫માં યાયાવર પક્ષીઓની ૪૧ જાતિઓની અંદાજિત ૩૫,૯૩૨ સંખ્યા, વિવિધ પાંચ જાતિઓની અંદાજિત ૫,૧૪૭ તેમજ ૯૧ સ્થાનિક પક્ષીઓની અંદાજિત ૧૨,૯૨૧ સંખ્યા નોંધાઈ છે. જ્યારે કચ્છ વિસ્તારમાં વર્ષ ૨૦૨૫માં અંદાજે ૨,૫૬૪ પક્ષીઓ ગુજરાતના મહેમાન બન્યા છે, જેના પરિણામે ગુજરાત 'પક્ષી જીવન' માટે 'સ્વર્ગ' તરીકે ઉભરી આવ્યું છે.

જામનગરના ખિજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૩૪ પ્રજાતિઓના અંદાજે ૩,૦૯,૦૬૨ પક્ષીઓ નોંધાયા છે. આ વિસ્તારમાં મુખ્યત્વે કાળી ડોક ઢોંક, ગાજ હંસ, પેણ, ફ્લેમીંગો, નકટો, લુહાર, ચેતવા, ગયણો, કિચડીયા પક્ષીઓ, ગડવાલ, સીસોટી બતક, ચમચો, કાજીયા, કબુત બગલો, મલાર્ડ, ભગતડુ, નીલજલ મુરઘો, આઈબીસ, નાની મુરઘાબી, કોટન ટીલ સર્પગ્રીવ, કિંગફિશર, કુંજ, કરકરા, પીળી ચાંચ ઢોંક, ગલ, ટન, પતરંગો, શીફટ્, ઈગલ, શકરો, કાઈટ, જળહળ, ટુકટુકીયો, પીળક, દુધરાજ, કાળોકોશી તેમજ મોટી ચોટલી ડુબકી પ્રજાતિઓના પક્ષીઓ જોવા મળે છે. આ ઉપરાંત વસ્તી અંદાજ ૨૦૨૩ મુજબ રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોરની વસ્તી ૨.૮૫ લાખથી વધુ નોંધાઈ છે.

વર્ષ ૧૯૬૯માં જાહેર થયેલું નળ સરોવર પક્ષી અભયારણ્ય ૧૨૦.૮૨ ચો.કિ.મી. વિસ્તાર ધરાવે છે. જેને વર્ષ ૨૦૧૨માં રામસર સાઈટનો દરજ્જો પ્રાપ્ત થયો છે. નળ સરોવર પક્ષી અભયારણ્ય એ યાયાવર પક્ષીઓના સેન્ટ્રલ એશીયન ફ્લાયવેમાં આવે છે. તેના પરિણામે વિશ્વમાંથી યાયાવર પક્ષીઓ આવતા હોવાથી આ સરોવરમાં ૩૨૯ પ્રકારની પ્રજાતિઓ નોંધાઈ છે. ઉપરાંત નળ સરોવરમાં પેસેજ માઈગ્રેશન કરતા પક્ષીઓ પણ રોકાતા હોય છે.

થોળ પક્ષી અભયારણ્યમાં ડૂબકીઓ, પેણ, કાજિયા, બગલા, બગલી અને પાનબગલી, ઢોંક, કાંકણસાર અને ચમચા, હંજ-સુરખાબ, બતક, હંસ, કુંજ, સંતાકૂકડી, આડ, જલમાંજર, કાદવકીચડ ખૂંદનારા, ધોમડો, વાબગલી, કલકલિયા, પીળકિયા, બાજ તેમજ નળ સરોવર પક્ષી અભયારણ્ય વિસ્તારમાં ડૂબકીઓ, પેલિકન્સ, બતક અને હંસ, સંતાકૂકડી, આડ, જલમાંજર, કાજિયા, બગલા, બગલી અને પાનબગલી, ઢોંક, કાંકણસાર અને ચમચા, હંજ-સુરખાબ, કુંજ, કાદવકીચડ ખૂંદનારા, ધોમડો, વાબગલી, કલકલિયા, પીળકિયા, અને બાજનો સમાવેશ થાય છે.

વઢવાણા વેટલેન્ડ વિસ્તારમાં જોવા મળતા માઈગ્રેટરી બર્ડમાં ગાજ હંસ (ગ્રે લેગ ગુઝ), રાજ હંસ (બાર હેડેડ ગુઝ), લાલ ચાંચ કારચીયા (રેડ ક્રેસ્ટેડ પોચર્ડ), કાબરી કરચીયા (ટફટેડ ડક), ધોળી આંખ કારચીયા(વાઈટઆઈડ પોચર્ડ), સિંગપર (નોર્થન પિન ટેલ), નાની મુરઘાબી (કોમન ટીલ), ટીલીયા (રફ), નાની કાંકણસાર (ગ્લોસી આઈબીસ), રેસિડેન્શિયલ બર્ડમાં ભગવી સુરખાબ (રૂડી શેલ્ડક), નકટો (કોમ્બ ડક),નાનો કજીયો (લિટલ કોમોરન્ટ), નાની સિસોટી બતક (લેસર વિસલિંગ ટીલ ), નાની ધાનચીડી (પેડિફિલ્ડ પીપીટ ),ગિરજા (કોટન ટીલ), દુર્લભ જાતિઓમાં કાળી ડોક ઢોંક (બ્લેક નેક્ડ સ્ટોર્ક) તેમજ શિકારી જાતિમાં પાન પટ્ટાઈ (યુરેશિયન માર્શ હેરિયર)નો સમાવેશ થાય છે.

'પેસેજ માઈગ્રન્ટ' ગણતરી એ ભારતની એક અગ્રણી સિટિઝન સાયન્સ પહેલ છે, જે વર્ષ ૨૦૨૨થી દર સપ્ટેમ્બરે મધ્ય અને પશ્ચિમ એશિયાથી આફ્રિકા તરફ જતા પ્રવાસી પક્ષીઓનો વૈજ્ઞાનિક સર્વે કરે છે. કચ્છ વિસ્તાર આ પક્ષીઓ માટે 'રિફ્યુઅલિંગ' સ્ટેશન તરીકે અત્યંત મહત્વનું છે, જ્યાં તેઓ અરબી સમુદ્ર ઓળંગતા પહેલા ચોમાસા પછી પેદા થતા જીવજંતુઓ ખાઈને ખોરાક સ્વરૂપે શક્તિ મેળવે છે.

ગત વર્ષ તા. ૧૯થી ૨૧ સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન કચ્છમાં એસ્ટ્રલ ફાઉન્ડેશનના સહયોગથી, પ્રણિધિ ટ્રસ્ટે ગુજરાત વન વિભાગ અને બર્ડ કાઉન્ટ ઈન્ડિયા સાથે મળીને પેસેજ માઈગ્રન્ટ કાઉન્ટની ચોથી અને અત્યાર સુધીની સૌથી મોટી આવૃત્તિનું આયોજન કરાયું હતું, જેમાં ૧૭ રાજ્યોના ૨૦૦થી વધુ પક્ષીપ્રેમીઓએ ૫૧ ટીમોમાં જોડાઈને કચ્છના ૧૦ હજાર ચોરસ કિમી વિસ્તારનું ઝીણવટભર્યું સર્વેક્ષણ હાથ ધર્યું હતું. ભુજમાં આયોજિત ઓરિએન્ટેશન સત્ર બાદ આ ટીમોએ રણ, બન્નીના મેદાનો, કાંટાળા જંગલો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૫૦થી વધુ સર્વે ગ્રીડ આવરી લીધી હતી. eBird પ્લેટફોર્મના સહયોગથી તૈયાર થયેલા ૬૦૦થી વધુ ચેકલિસ્ટમાં પક્ષીઓની ૨૫૦થી વધુ પ્રજાતિઓ નોંધાઈ છે, જે આ પ્રદેશની પર્યાવરણીય વિવિધતા અને સંરક્ષણ માટેના મજબૂત આંકડા પૂરા પાડે છે.

કચ્છ વિસ્તારમાં વર્ષ ૨૦૨૫માં પ્રવાસી પક્ષીઓની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો છે. જેમાં ૧,૫૭૭ યુરોપિયન રોલર અને ૩૧૩ સ્પોટેડ ફ્લાયકેચર નોંધાયા છે. આ સિવાય ૩૭૯ બ્લ્યુ ચેકડ બી ઈટર સહિત કોમન કુકો, Blue-cheeked Bee-eater, Rufous-tailed Scrub-Robin, Red-backed Shrike અને Red-tailed Shrike પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

●વન્યજીવ સંરક્ષણ-સંવર્ધન માટે વિવિધ પહેલઃ

રાજ્યમાં વર્ષ ૨૦૧૭થી દર વર્ષે વન વિભાગ અને વિવિધ સંસ્થાઓના સહયોગથી ઉત્તરાયણ દરમિયાન ઘાયલ પક્ષીઓને સારવાર આપવા 'કરૂણા અભિયાન' હાથ ધરવામાં આવે છે જેમાં, પતંગની દોરી સહિત વિવિધ રીતે ઘાયલ હજારો પક્ષીઓને યોગ્ય સારવાર આપીને મુક્ત કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૫માં ઉત્તરાયણ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલા અંદાજે ૧૭ હજારથી વધુ પક્ષીઓનું રેસ્ક્યુ કરીને તેમની સારવાર કરવામાં આવી હતી.

દર વર્ષે ૦૫ જાન્યુઆરીએ ગુજરાત સહિત ભારતભરમાં 'રાષ્ટ્રીય પક્ષી દિવસ'ની વિવિધ સ્વરૂપે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે લુપ્ત થતા પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત થાય તે માટે દેશભરમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વન્યજીવો અને પક્ષીઓના સંરક્ષણ-સંવર્ધન માટે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. જ્યારે શિયાળામાં યાયાવર પક્ષીઓ ગુજરાતની ભૂમિને હંગામી આશ્રયસ્થાન- ઘર બનાવે છે, જે ગુજરાતના નાગરિકો માટે ગૌરવની સમાન છે.

-જનક દેસાઈ

# બળાત્કાર-હત્યા કેસમાં સજા કાપી રહેલા રામ રહીમને ફરીથી જેલમાંથી મુક્તઃ ૪૦ દિવસના પેરોલ મંજૂર

## પેરોલ દરમિયાન તે હરિયાણાના સિરસામાં આવેલા ડેરા સચ્ચા સૌદા આશ્રમમાં રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)રોહતક

બળાત્કાર અને હત્યાના ગંભીર ગુનાઓમાં સજા કાપી રહેલા ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમને ફરી એકવાર જેલમાંથી પેરોલ આપવામાં આવી છે. આ નિર્ણય બાદ રાજકીય અને સામાજિક સ્તરે ફરી ચર્ચા શરૂ થઈ છે.

બે સાધ્વીઓ પર બળાત્કાર અને પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં દોષિત ઠેરવાયેલા ગુરમીત રામ રહીમને હરિયાણા સરકાર દ્વારા ફરીથી ૪૦ દિવસનો પેરોલ મંજૂર કરવામાં આવ્યો છે. રોહતકની સુનારિયા જેલમાં સજા ભોગવી રહેલા રામ રહીમને બુધવાર સાંજે જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. પેરોલ દરમિયાન તે હરિયાણાના સિરસામાં આવેલા ડેરા સચ્ચા સૌદા આશ્રમમાં રહેશે.

રામ રહીમનો પેરોલ ગઈકાલે સાંજે મંજૂર થયો હતો, ત્યારબાદ જેલ પ્રશાસને તેની મુક્તિની પ્રક્રિયા પૂર્ણ કરી. પેરોલ મળ્યા બાદ રામ રહીમને કેટલીક કડક શરતોનું પાલન કરવું ફરજિયાત રહેશે. તે ડેરા પરિસરની બહાર કોઈ પણ પ્રકારના જાહેર, રાજકીય કે ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લઈ શકશે નહીં. વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા તેની દરેક પ્રવૃત્તિ પર સતત નજર રાખવામાં આવશે.ગુરમીત રામ રહીમ વર્ષ ૨૦૧૭થી રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. બે સાધ્વીઓ પર બળાત્કાર કરવા બદલ તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત, પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં પણ તેને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો. આ બંને કેસો ભારતીય ન્યાયપ્રણાલી અને સમાજ માટે ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે.

આ પહેલી વાર નથી કે રામ રહીમને પેરોલ આપવામાં આવ્યો હોય. અગાઉ પણ તેને અનેક વખત પેરોલ અને ફર્લો આપવામાં આવ્યા છે. ખાસ કરીને ચૂંટણીના સમયગાળા દરમિયાન આપવામાં આવેલા પેરોલને લઈને રાજકીય પક્ષો અને સામાજિક કાર્યકરો દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો હતો કે આવા નિર્ણયોથી કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ પર અસર પડી શકે છે.

જોકે, વહીવટીતંત્રનું કહેવું છે કે રામ રહીમને પેરોલ સંપૂર્ણપણે નિયમો અને કાનૂની પ્રક્રિયા અનુસાર આપવામાં આવ્યો છે. સરકારનું સ્પષ્ટ કહેવું છે કે કાયદા મુજબ જે પણ કેદી પેરોલ માટે પાત્ર હોય, તેને નિયમો હેઠળ આ સુવિધા મળી શકે છે. ૪૦ દિવસનો પેરોલ પૂર્ણ થયા બાદ ગુરમીત રામ રહીમે ફરીથી રોહતકની સુનારિયા જેલમાં આત્મસમર્પણ કરવું પડશે. જો તે શરતોનું ઉલ્લંઘન કરશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવી શકે છે. હાલ તો સમગ્ર મામલે દેશભરમાં ફરી એકવાર ચર્ચા અને ચર્ચાનો માહોલ સર્જાયો છે.

# રેલવે સુરક્ષા બળ (RPF) અમદાવાદ દ્વારા ઓટો ચાલકો સામે મોટી કાર્યવાહી



પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલવે સ્ટેશન પર ઓટો ચાલકો દ્વારા મુસાફરો સાથે અભદ્ર વર્તન કરવું તથા નિર્ધારિત દરો કરતાં વધુ ભાડું વસૂલવા અંગે સતત ફરિયાદો મળી રહી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ રેલવે સુરક્ષા બલ (RPF) અમદાવાદ દ્વારા સમયાંતરે અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ જ ક્રમમાં આજે તા. ૦૪.૦૧.૨૦૨૫ના રોજ રેલવે સુરક્ષા બલ, અમદાવાદ દ્વારા વિશેષ અભિયાન ચલાવી નિયમોનું ઉલ્લંઘન કરનાર ઓટો ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી. આ કાર્યવાહી દરમિયાન કુલ ૬ ઓટો ચાલકોના ઓટો જપ્ત કરવામાં આવ્યા તથા સંબંધિત ઓટો ચાલકો સામે રેલવે અધિનિયમની જોગવાઈઓ હેઠળ જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી.

રેલવે સુરક્ષા બલ, અમદાવાદ મુસાફરોની સુરક્ષા, સન્માન અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. ભવિષ્યમાં પણ મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા અથવા અનિયમિતતા ન થાય તે માટે આવા કેસોમાં કડક નજર રાખવામાં આવશે અને જરૂરીયાત અનુસાર કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે.

બે ભેંસોના મૃત્યુએ તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો

# પશુ આહારમાં ઝેરઃ બે ભેંસોના મોત બાદ તંત્રની નિષ્ક્રિયતા પર હાઈકોર્ટનો આકરો પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના ધંધુસર ગામના ખેડૂત હરેશ વદરની બે ભેંસોના મૃત્યુએ તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર નો પર્દાફાશ કર્યો છે. એક જાણીતી કંપનીના પશુ આહાર માં ૩૦% થી ૫૦% સુધી ભેળસેળ હોવાનું પ્રયોગશાળાના અહેવાલો છતાં, ગુજરાત હાઈકોર્ટે વર્તમાન BIS અને FSSAI અધિકારીઓને ૨૯ જાન્યુઆરીએ રૂબરૂ હાજર રહેવાનો આદેશ આપ્યો છે.

પ્રોટીન વધારવાના આડમાં ભેળસેળ કરનારાઓ પશુ આહારમાં યુરિયા અને હાનિકારક સ્વાદ ઉમેરીને પ્રાણીઓની હત્યા કરી રહ્યા છે. આ ફક્ત પ્રાણીઓ પૂરતું મર્યાદિત નથી; આ ઝેર દૂધ દ્વારા માનવ શરીરમાં પણ પ્રવેશી રહ્યું છે.

નિષ્ણાતોના મતે, આવા દૂધમાં રહેલું એફ્લાટોક્સિન નામનું ઝેરી પદાર્થ બાળકોના વિકાસને અટકાવે છે અને લાંબા ગાળે કેન્સર જેવા જીવલેણ રોગોનું કારણ બને છે. શું વહીવટીતંત્ર આ ગંભીર સત્યથી અજાણ છે કે પછી તે જાણી જોઈને આંખ આડા કાન કરી રહ્યું છે?

આશ્ચર્યજનક વાત એ છે કે જ્યારે ખેડૂતે પુરાવા રજૂ કર્યા, ત્યારે અધિકારીઓએ લાઈસન્સ ન હોવાનો હવાલો આપીને કાર્યવાહી કરવાનો ઈનકાર કર્યો. હાઈકોર્ટે વહીવટીતંત્રના આ બેજવાબદાર વલણ પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના કમિશનરે હવે જવાબ આપવો પડશે કે, કોના આશીર્વાદથી બજારમાં લાયસન્સ વિના ખુલ્લેઆમ વેચાઈ રહેલું ઝેરી અનાજ? જૂનાગઢના ધંધુસર ગામના ખેડૂતો આ લડાઈ ફક્ત બે ભેંસોના વળતર માટે જ નહીં, પરંતુ લાખો લોકો પર પડી રહેલા ખતરનાક સ્વાસ્થ્ય જોખમોને રોકવા માટે લડી રહ્યા છે. હવે, વહીવટીતંત્રની નિષ્ક્રિયતા સામે કોર્ટનું કડક વલણ પશુપાલકોને આશા આપી રહ્યું છે.

દોડશે ગગદાસ, જીતશે ગુજરાત!

# વીજળીના ઝટકાથી પગ કપાયા, હવે વીજળી વેગે દોડતો થયો છે ગગદાસ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વિશેષ પ્રયાસોથી એડવાન્સ પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત કરનાર ગગદાસ પરમાર જુએ છે ઓલિમ્પિકનું સપનું






ગગદાસ પરમારના બન્ને પગ કપાઈ ગયા હોવા છતાં આજે આ યુવાનની આંખોમાં ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું સપનું રમે છે. આ શક્ય બન્યું છે ગગદાસના સાહસ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સાથ-સહકારથી.

ગગદાસ રોજ સવારે ૧૦૦ અને ૨૦૦ મીટર રેસની તૈયારી કરી રહ્યો હોય છે ત્યારે તેના મનમાં એક જ સંકલ્પ હોય છે - ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને રાજ્યને ગૌરવ અપાવવું.

દિવ્યાંગ ગગદાસ પરમારની કરુણ કહાણી તેના પોતાના આત્મવિશ્વાસ, પરિવારની હૂંફ અને સરકારના સાથ-સહયોગથી પ્રેરણાદાયક કથામાં પરિવર્તિત રહી છે. ગગદાસના સપના કોઈ શેખચલ્લીનાં સપનાં નથી, કારણ કે તે રાષ્ટ્રીય સ્તરે સ્વર્ણ અને કાંસ્ય પદક જીતી લાવ્યો છે અને અત્યારે આંતરરાષ્ટ્રીય પેરા ગેમ્સ તેમજ પેરા ઓલિમ્પિકની તૈયારીઓમાં સતત પરસેવો પાડી રહ્યો છે.

ગગદાસ વાવ-થરાદ જિલ્લાનો યુવાન છે. ખેતમજૂર થાનાભાઈ પરમારના પરિવારના આ દીકરાને વર્ષ ૨૦૧૭માં વીજળીનો કરંટ લાગ્યો અને સમગ્ર પરિવાર પર જાણે વીજળી પડી. જુવાનજોધ પુત્રના બન્ને પગ વીજળીને કારણે એટલા બળી ગયા હતા કે ઘૂંટણના નીચેના ભાગથી બન્ને પગ કપાવવા પડ્યા. પરિવારે સતત બે વર્ષ દીકરાની સારવાર કરી અને ગજા બહારનો અધધ આઠથી દસ લાખ રૂપિયાનો ખર્ચ કરીને દીકરાને નવજીવન અપાવ્યું. આજે આ દીકરો ગુજરાતને ગૌરવ અપાવવા સક્ષમ બન્યો છે.

ગગદાસ પોતાના બન્ને પગ ગુમાવી ચૂક્યો હતો, પરંતુ તેનો આત્મવિશ્વાસ અટલ હતો, તેણે આગળ અભ્યાસ માટે પાલનપુરની વાટ પકડી. પાલનપુરમાં વિદ્યામંદિર શાળાની દિવ્યાંગો માટેની હોસ્ટેલમાં રહીને ભણતાં ભણતાં ગગદાસને કોચ નીલેશભાઈ રબારી મળ્યાં, જેમના પ્રોત્સાહન અને પ્રયાસોથી ગગદાસ સ્પોર્ટ્સ તરફ વળ્યો અને નેશનલ ગેમ્સ પણ રમી શક્યો. ગગદાસે માત્ર છ મહિનાની તૈયારીઓ થકી ડિસ્ક થ્રો અને પેરા પાવરલિફ્ટિંગમાં રાષ્ટ્રીય સ્તરે ચંદ્રકો પણ પ્રાપ્ત કર્યા. આ સિદ્ધિઓ કંઈ નાનીસૂની નથી.

ગગદાસને સામાજિક સંસ્થાઓ તરફથી પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત થયા હતા, પરંતુ સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ વધવા માટે એડવાન્સ પ્રોસ્થેટિક પગ જરૂરી હતા. આ માટે રૂપિયા ૧૪થી ૧૫ લાખનો ખર્ચ થાય એમ હતો.

આર્થિક રીતે નબળા અને એમાંય દવાખાનામાં ધોવાઈ ગયેલા પરિવાર માટે તો આ ખર્ચ શક્ય જ નહોતો.

ગગદાસે આત્મવિશ્વાસ ગુમાવ્યા વિના આ મામલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મદદ માગવાનું નક્કી કર્યું. ગાંધીનગર આવીને ગગદાસે મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી. સાલસ અને સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈએ ગગદાસને મદદ કરવા માટે પોતાનાથી બનતા તમામ પ્રયાસો કર્યા. મુખ્યમંત્રીશ્રીએ સરકારી સહાય ઉપરાંત સીએસઆર ફંડ થકી ગગદાસને તાત્કાલિક મદદ મળી શકે, એવા સફળ પ્રયાસો કર્યા.

આજે ગગદાસને અદ્યતન તકનીકવાળા પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત થયા છે સાથે સાથે ઉચ્ચ સ્તરનું કોચિંગ પણ મળી રહ્યું છે.

ગગદાસને હવે ઓલિમ્પિક મેડલથી ઓછું કંઈ ખપતું નથી. દોડશે ગગદાસ, જીતશે ગુજરાત!

# શ્યામલ વિસ્તારના શિલ્પ સિદ્ધિ ફ્લેટના બેઝમેન્ટમાં ભીષણ આગ લાગી

## ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને ગણતરીના સમયમાં આગ પર કાબૂ મેળવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શ્યામલ ચાર રસ્તા પાસે આવેલા શિલ્પ સિદ્ધિ ફ્લેટના બેઝમેન્ટમાં આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગમાં પાર્ક કરેલા અનેક વાહનો લપેટમાં આવી ગયા હતા.શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા પોશ શ્યામલ ચાર રસ્તા પાસે આગની એક દુર્ઘટના સર્જાઈ છે.

અહીં આવેલા શિલ્પ સિદ્ધિ ફ્લેટના બેઝમેન્ટમાં ઓચિંતી આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગમાં પાર્ક કરેલા અનેક વાહનો લપેટમાં આવી ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફ્લેટના બેઝમેન્ટમાં લાગેલી આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે ત્યાં પાર્ક કરેલા ૫ થી ૭ જેટલા વાહનો જોતજોતામાં બળીને ખાખ થઈ ગયા હતા. આગને પગલે આસપાસના વિસ્તારમાં કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેના કારણે ફ્લેટમાં રહેતા રહીશોમાં ભારે ફાળ પડી હતી અને લોકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા.આગની જાણ થતા જ અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને ગણતરીના સમયમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, પરંતુ વાહનોને મોટાપાયે નુકસાન થયું છે. બેઝમેન્ટમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. હાલમાં ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસ દ્વારા આગના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

**પશ્ચિમ રેલ્વે**

**સિગ્નલિંગ કાર્ય**

Sr. DSTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-40008, ઈ-ટેન્ડર સૂચના નં. SG_216_2_114_137_WA, તારીખ: 01.01.2026. કાર્ય અને સ્થાન: મુંબઈ ડિવિઝનના ચર્ચગેટ-પાલઘી સેક્શનમાં MSDAC સાધનોના પુનર્વસન સાથે SSE/વલસાડ અને SSE/સુરતના અધિકારક્ષેત્ર હેઠળ ખામીયુક્ત/વધુ વયના મિડલાઈફ સિગ્નલિંગ ગિયર્સની વિશ્વસનીયતા સુધારણા અને રિપ્લેસમેન્ટના કાર્ય સાથે સંકળાયેલ સિગ્નલિંગ વસ્તુઓનો પુરવઠો, સ્થાપન પરીક્ષણ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત: ₹ 5,45,39,802.16. EMD: ₹ 4,22,700/- ઈ-ટેન્ડર સબમિટ કરવા માટે બંધ કરવાનો સમય અને તારીખ: 05.02.2026 ના 15:00 કલાક સુધી.ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ: તા. 05.02.2026 ને બપોરે 3:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0972

અમને લાઈક કરો: facebook.com/WesternRly

ગત વર્ષ દરમિયાન વિવિધ વેપારીઓ પાસેથી વિવિધ ગેરરીતિ બદલ કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા કુલ રૂ.૧૮.૭૭ લાખથી વધુની માંડવાળ ફી વસૂલ કરાઈ

# તોલમાપ તંત્ર દ્વારા રાજ્યની ૩૭૦ જેટલી સોના-ચાંદી દુકાનો અને જ્વેલરી શો રૂમ પર આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરાઈ

રાજ્યના ૨૫ જિલ્લાઓમાં વિવિધ એકમો ઉપર ૨૫૩ જેટલા પ્રોસિક્યુશન કેસ કરીને રૂ.૬.૭૯ લાખની માંડવાળ ફી સ્થળ પર જ વસૂલાઈ



ગ્રાહકોના હિતોની રક્ષા,વેપારમાં પારદર્શિતા અને યોગ્ય માપતોલ સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યભરમાં નિયમિત રીતે કાર્યવાહીની સાથે ગ્રાહક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે ગ્રાહક સુરક્ષા બાબતોના મંત્રી શ્રી રમણ સોલંકી તેમજ રાજ્ય મંત્રી શ્રી પી.સી બરંડાના નેતૃત્વમાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૦૨ અને ૦૩ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ રાજ્યના ૩૭૦ જેટલા સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમ પર સામૂહિક આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરાવામાં આવી હતી. જેમાં તોલમાપ તંત્રના અધિકારીઓ દ્વારા રાજ્યના ૨૫ જિલ્લાઓમાં ૨૫૩ પ્રોસિક્યુશન કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી કરીને રૂ.૬,૭૯,૦૦૦/-જેટલી માંડવાળ ફીની વસૂલાત કરવામાં આવી છે. આ તમામ માંડવાળ ફીની વસૂલાત સ્થળ ઉપર જ E POS-upi-e payment અને ચેકથી વસૂલવામાં આવી છે તેમ, કાનૂની માપવિજ્ઞાન તંત્ર, ગાંધીનગર દ્વારા જણાવાયું છે. આ તપાસમાં મુખ્યત્વે અમદાવાદમાં સૌથી વધુ ૬૧ એકમોની તપાસ સામે ૨૨ કેસ, ભરૂચ-નર્મદામાં ૨૭ એકમોની તપાસ સામે ૨૫ કેસ, જૂનાગઢ-ગીરસોમનાથમાં ૨૧ એકમોની તપાસ સામે ૨૦ કેસ, ભાવનગર/બોટાદમાં ૨૦ એકમોની તપાસ સામે ૧૭ કેસ તથા સુરતમાં ૨૦ એકમોની તપાસ સામે ૧૪ કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ સિવાય તપાસમાં ગાંધીનગર, વડોદરા,પાટણ ,છોટાઉદેપુર, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, પોરબંદર, અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, મહેસાણા, બનાસકાંઠા-પાલનપુર, સાબરકાંઠા-હિંમતનગર, અરવલ્લી-મોડાસા, રાજકોટ અને મોરબી જિલ્લાનો સમાવેશ થાય છે.

કાનૂની માપવિજ્ઞાન તંત્રના જણાવ્યા મુજબ ઝુંબેશ દરમિયાન રાજ્યના અલગ-અલગ સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમની આકસ્મિક તપાસણી હાથ ધરતાં નિયત કાયદા હેઠળના અમલીકરણ નિયમ/કલમોના ભંગ બદલ એકમો સામે ગુન્હાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમમાં વપરાતા વજનકાંટાની તપાસ કરતાં ચકાસણી-મુદ્રાંકન સિવાયના વજન-માપ ઉપયોગમાં લેવા, નિયત વજન કરતાં ઓછું વજન આપવું, ફેર ચકાસણી અને મુદ્રાંકન કરાવ્યા સિવાયના વજનમાપ ઉપયોગમાં લેવા, ચોકસાઈ ચકાસવા માટે ચકાસણી અને મુદ્રાંકન થયેલ સિવાયના વજનો રાખવા, ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવું જેવી વિવિધ ગેરરીતિઓ સામે આવી છે.

કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા ગત વર્ષ દરમિયાન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલા વિશેષ અભિયાનોઃ-

દિવાળીના તહેવાર દરમિયાન સમગ્ર રાજ્યમાં કુલ-૩૩૨ જેટલી મીઠાઇ/ફરસાણ/ડ્રાયફ્રુટની દુકાનો/ગિફ્ટ શોપ મીઠાઈની દુકાનોની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ ૧૨૬ એકમો સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૫,૯૧,૫૦૦/- વસૂલ કરવામાં આવી હતી.

જુલાઈ-૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજયમાં પેટ્રોલ-ડીઝલ પંપની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજયમાં કુલ-૨૭૬ પેટ્રોલ-ડીઝલ પંપની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ ૧૯ એકમો સામે ગુન્હો નોધવામાં આવેલ અને માંડવાળ ફી તરીકે રૂ.૬૯,૫૦૦/- વસૂલ કરાઈ.

મે-૨૦૨૫ દરમિયાન રાજયના અલગ-અલગ જિલ્લાઓમાં આવેલ ખાતર/બિયારણ/જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ ની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજયમાં કુલ-૩૯૭ વિક્રેતાની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ-૨૧૦ વિક્રેતા સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૫,૮૪,૦૦૦/- વસૂલ કરવામાં આવી હતી.

મે-૨૦૨૫ દરમિયાન રાજયના અલગ-અલગ જિલ્લાઓમાં આવેલ FCI/CWC/FCIના અધિકૃત ગોડાઉનની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજયમાં કુલ-૩૮ ગોડાઉનની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ-૩ ગોડાઉન સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૧૪,૦૦૦/- વસૂલ કરવામાં આવી.

ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજયની હાઈવે હોટલની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજયમાં કુલ-૪૧૯ હાઈવે હોટલની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ-૧૬૯ એકમો સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૬,૧૮,૫૦૦/- વસૂલ કરવામાં આવ્યા હતા. આમ, વર્ષ દરમિયાન વેપારીઓ પાસેથી વિવિધ ગેરરીતિ બદલ કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા કુલ રૂ. ૧૮.૭૭ લાખથી વધુની માંડવાળ ફી વસૂલ કરીને રાજ્યના ગ્રાહકોના હિતમાં સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

-જનક દેસાઈ

# સીંગલદા ગામમાં કપાસની આડમાં કરાયેલું ગાંજાનું વાવેતર ઝડપાયુ

આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ખેતરમાં દરોડો પાડ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

ગુજરાતમાં નશાબંધીના કડક અમલ વચ્ચે છોટાઉદેપુર જિલ્લા SOG પોલીસને એક મોટી સફળતા મળી છે. જિલ્લાના ક્વાંટ તાલુકાના સીંગલદા ગામેથી પોલીસે લાખોની કિંમતનો લીલો ગાંજો ઝડપી પાડી નશાના કારોબારીઓ સામે લાલ આંખ કરી છે. છોટાઉદેપુર SOG પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ક્વાંટ તાલુકાના સીંગલદા ગામે રહેતા ભગુભાઈ બુઠીયાભાઈ રાઠવાએ પોતાના ખેતરમાં કપાસ કે અન્ય પાકની આડમાં નશીલા પદાર્થ ગાંજાનું વાવેતર કર્યું છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ખેતરમાં દરોડો પાડ્યો હતો.પોલીસની તપાસ દરમિયાન ખેતરમાંથી વનસ્પતિજન્ય લીલા ગાંજાના નાના-મોટા કુલ ૧૫૧ છોડ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા કરવામાં આવેલા પંચનામા મુજબઃ

કુલ વજનઃ ૧૨૪.૭૯૦ કિલોગ્રામ (લીલો ગાંજો)

અંદાજિત કિંમતઃ રૂ. ૬૯,૩૯,૦૦૦

પોલીસે આ તમામ જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીની ધરપકડ અને કાયદેસરની કાર્યવાહી

આ મામલે ખેતરના માલિક ભગુભાઈ બુઠીયાભાઈ રાઠવાની ઘટનાસ્થળેથી જ અટકાયત કરવામાં આવી છે. ક્વાંટ પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ NDPSની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ગાંજાના છોડનું બિયારણ ક્યાંથી લાવવામાં આવ્યું હતું? અને આ જથ્થો તૈયાર થયા બાદ ક્યાં સપ્લાય કરવાનો હતો? તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાં રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની લેવાયેલી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ ની લેખિત પરીક્ષાઓ આજે લેવામાં આવી હતી. જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

પરીક્ષાઓ દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વ વિધાર્થીઓ ને નિયમાનુસાર પરીક્ષા આપવામાં અડચણ થાય નહી તે માટે જામનગર જિલ્લા ના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર્સ અને કોપીયર મશીન પરીક્ષાના સમય દરમિયાન બંધ રહે, તેમજ પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ અને અન્ય અનધિકૃત સાહિત્ય વગેરે સાથે ના લઈ જાય તે માટે પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. જામનગર જિલ્લામાં નેશનલ હાઈસ્કૂલ, આર.આર.શાહ હાઈસ્કૂલ, નંદન માધ્યમિક શાળા, એલ.જી.હરિયા સ્કૂલ, જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, પ્રણામી હાઈસ્કુલ, શિશુવિહાર હિન્દી હાઈસ્કૂલ, શ્રીમતી જી.એસ. મહેતા કન્યા વિદ્યાલય, ભવંસ એ કે. દોશી વિદ્યાલય, ડી એસ. ગોજીયા વિદ્યાલય અને સત્યસાંઇ વિદ્યાલય એમ કુલ ૧૧ કેન્દ્ર ની પરીક્ષા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. આજ ની પરીક્ષામાં કુલ ૨૫૨૭ ઉમેદવારો નોંધાયા હતા જેમાંથી ૨૦૩૫ હાજર અને ૪૯૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. ચુસ્ત પોલીસ સુરક્ષા વ્યવસ્થા અને તમામ ક્લાસરૂમમાં સીસીટીવી કેમેરાની નજર હેઠળ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થઈ હતી.

વિદ્યાર્થીઓ બન્યા ગ્રાહક અને દુકાનદાર

# સુરત પાલિકાની શાળામાં બજારનું વાતાવરણ ઊભું કરાયુ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની એક શાળામાં ધોરણ સાતના સામાજિક વિજ્ઞાનના એક પાઠ અંતર્ગત બજારની માહિતી આપવા માટે અનોખો પ્રયાસ કરાયો હતો. જેમાં શાળા કેમ્પસમાં જ બજાર ઉભા કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓ જ દુકાનદાર બન્યા હતા અને વિદ્યાર્થીઓ જ ગ્રાહક બન્યા હતા. આ પ્રયોગ થકી વિદ્યાર્થીઓને બજારમાં થતા ખરીદ વેચાણ સાથે વિદ્યાર્થીઓએ વ્યવહારિક રીતે નફો–નુકસાન, પૈસાની ગણતરી, લેવડ–દેવડ અને બજાર વ્યવહારના પાઠ ભણાવ્યા હતા.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આમ તો વિવાદો માટે જાણીતી છે પરંતુ કેટલાક શિક્ષકો આ વિવાદોથી પર રહીને સાચા અર્થમાં બાળકોનું ઘડતર કરી રહ્યાં છે. સુરત શિક્ષણ સમિતિની શાળાઓ પૈકી પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં શાળા ક્રમાંક ૫૫ માં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકના પાઠ વ્યવહારુ જીવનમાં કામ લાગે તે માટે નો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ધોરણ સાત માં સામાજિક વિજ્ઞાન વિષયમાં ૧૯ નંબરનો પાઠ બજાર છે તેમાં બજારના વિવિધ પ્રકારો સાપ્તાહિક બજાર ગુજરી બજાર ઓનલાઈન બજાર વગેરે નો ઉલ્લેખ કરાયો છે. આ પાઠ શાળાના વર્ગખંડ માં ભણાવવા સાથે બાળકોને પ્રેક્ટીકલ નોલેજ મળે તે માટે શાળામાં જ બજાર ઉભું કરવામાં આવ્યું હતુ. શાળા કેમ્પસમાં ઉભા કરવામાં આવેલા આ બજારમાં વિદ્યાર્થીઓને જ વેપારીઓ બનાવાયા હતા અને વિદ્યાર્થીઓને જ ગ્રાહક બનાવાયા હતા.બાળકોને શાળામાં ગમ્મત સાથે જ્ઞાન મળે તે હેતુસર શાળાના પ્રાંગણમાં સંપૂર્ણ બજારનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતે જ દુકાનદાર અને ગ્રાહક બનીને વિવિધ વસ્તુઓની ખરીદી અને વેચાણ કર્યું હતું.આ પ્રવૃત્તિ દરમિયાન બાળકોને નફો–નુકસાન, પૈસાની ગણતરી, ભાવતાલ, લેવડ–દેવડ અને બજાર વ્યવહારની મૂળભૂત સમજ પ્રાયોગિક રીતે મળી હતી. વિદ્યાર્થીઓએ ખરીદદારને આકર્ષવા માટે ભાવની ગોઠવણી, વેચાણની રીતો અને ગ્રાહક સંતોષ નું મહત્વ પણ શીખવ્યું હતું.

પાઠ્યપુસ્તકમાં થયેલા બજાર અંતર્ગત આ આયોજન કરવામાં આવ્યું હતું. પાઠમાં આવતા સાપ્તાહિક બજાર, ગુજરી બજાર, તેમજ આજના યુગમાં મહત્વ ધરાવતા ઓનલાઈન બજાર જેવા વિવિધ પ્રકારની સમજ બાળકોને જીવંત ઉદાહરણ દ્વારા આપવામાં આવી હતી.પાઠ્યપુસ્તકના જ્ઞાનને વાસ્તવિક જીવન સાથે જોડતી આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓ માટે અત્યંત રસપ્રદ અને શિક્ષણપ્રદ સાબિત થઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાળકોમાં આનંદ, ઉત્સાહ અને આત્મવિશ્વાસ સ્પષ્ટ રીતે જોવા મળ્યો હતો. શાળાના શિક્ષકો ના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ નવીન શૈક્ષણિક પદ્ધતિએ બાળકોમાં સર્જનાત્મક વિચાર શક્તિ, વ્યવહાર કુશળતા અને સહકાર ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સુરેન્દ્રનગર જમીન કૌભાંડ

# ૫% લાંચ લીધાની કબૂલાત બાદ કલેક્ટરના PA અને ક્લાર્કની બદલી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

કરોડો રૂપિયાના જમીન કૌભાંડમાં રોજ નવા ફણગા ફૂટી રહ્યા છે. ઈડી (ED) દ્વારા કરવામાં આવેલી તપાસ અને પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા બાદ હવે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે પહેલા નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી અને કલેક્ટર ડો. રાજેન્દ્રકુમાર પટેલની ધરપકડ કરાઈ હતી, ત્યારે હાલ કલેક્ટરના PA જયરાજસિંહ ઝાલા અને ક્લાર્ક મયુરસિંહ ગોહિલની પણ હાલ તાત્કાલિક અસરથી બદલી કરી દેવામાં આવી હોવાની માહિતી સામે આવી છે.

આ મામલે EDની તપાસમાં સૌથી ગંભીર બાબત એ સામે આવી છે કે કલેક્ટર કચેરીમાં જમીનની ફાઈલો મંજૂર કરાવવા માટે લાંચનું ચોક્કસ માળખું ગોઠવાયેલું હતું. જે મામલે તપાસ દરમિયાન કલેક્ટર ડો. રાજેન્દ્રકુમાર પટેલના PA જયરાજસિંહ ઝાલાએ કબૂલાત કરી છે કે, તે જમીન કૌભાંડના વહીવટમાં ૫ ટકા લેખે લાંચ લેતો હતો અને આ લાંચના નાણાંમાંથી અમુક હિસ્સો ક્લાર્ક મયુરસિંહ ગોહિલને પણ આપવામાં આવતો હોવાનું તપાસમાં ખુલ્યું છે. ભ્રષ્ટાચારના આ ખુલાસા બાદ કલેક્ટર તંત્ર દ્વારા આ બંને વિવાદાસ્પદ કર્મચારીઓને મુખ્ય મથકથી દૂર ખસેડી દેવામાં આવ્યા છે. આ મામલે હાલની માહિતી મુજબ PA જયરાજસિંહ ઝાલાને સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીથી હટાવી મૂળી ખાતે બદલી કરી દેવાઈ છે. જ્યારે ક્લાર્ક મયુરસિંહ ગોહિલને કલેક્ટર કચેરીથી હટાવી ધ્રાંગધ્રા ખાતે બદલી કરી દેવાઈ છે.

નોંધનીય છે કે, આ કૌભાંડમાં અગાઉ સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર ડો. રાજેન્દ્રકુમાર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની ધરપકડ કરવામાં આવી છે. આ બંનેની પૂછપરછમાં જ PA અને ક્લાર્કના નામ ખુલ્યા હતા. EDની રેડ બાદ હવે જે રીતે પલટવાર થઈ રહ્યો છે, તે જોતા આગામી દિવસોમાં હજુ પણ કેટલાક 'મોટા માથાઓ'ના નામ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. ED હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે ૫ ટકા લેખે વસૂલાયેલી લાંચની રકમ ક્યાં રોકાણ કરવામાં આવી છે? શું આ લાંચના નાણાં અન્ય કોઈ ઉચ્ચ અધિકારીઓ કે રાજકીય નેતાઓ સુધી પહોંચતા હતા? પૂર્વ કલેક્ટરના કાર્યકાળ દરમિયાન મંજૂર થયેલી તમામ શંકાસ્પદ ફાઈલોની અત્યારે ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

મેયરની મુલાકાત અને કામગીરીનું નિરીક્ષણ

# કતારગામ-અમરોલી બ્રિજનું ટૂંક સમયમાં લોકાર્પણ કરાશે

આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિકો અને બ્રિજ નિર્માણ સાથે જોડાયેલા કોન્ટ્રાક્ટરો સાથે પણ ચર્ચા કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના કતારગામથી અમરોલી જતો બ્રિજ તૈયાર. મેયર દક્ષેશ માવાણીએ કામગીરીની સમીક્ષા કરી. જાણો ક્યારે થશે લોકાર્પણ અને કેવી મળશે ટ્રાફિકમાં રાહત.

બ્રિજ સિટી' તરીકે ઓળખાતા સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે વધુ એક મહત્વનો બ્રિજ ટૂંક સમયમાં લોકાર્પણ માટે તૈયાર છે. કતારગામના ગજેરા સર્કલ પાસે થતા ભારે ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે નિર્મિત કતારગામ-અમરોલી બ્રિજનો એક તરફનો ભાગ આગામી થોડા દિવસોમાં જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવશે.

આજ રોજ સુરતના મેયર દક્ષેશ માવાણીએ બ્રિજની મુલાકાત લીધી હતી. તેમણે બ્રિજની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને નિર્ધારિત સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિકો અને બ્રિજ નિર્માણ સાથે જોડાયેલા કોન્ટ્રાક્ટરો સાથે પણ ચર્ચા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બે મહિના પહેલા પણ મેયરે આ કામગીરીની મુલાકાત લીધી હતી અને ઢીલી કામગીરી બદલ અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરનો ઉધડો લીધો હતો.

કતારગામ ગજેરા સર્કલ વિસ્તારમાં સવાર-સાંજ ટ્રાફિકની ગંભીર સમસ્યા રહેતી હોય છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આશરે બે વર્ષ પહેલાં આ બ્રિજનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં કતારગામથી અમરોલી તરફ જવાનો એક સાઈડનો બ્રિજ સંપૂર્ણ તૈયાર થઈ ગયો છે. જોકે, અમરોલીથી કતારગામ આવતા બ્રિજનું કામ પૂર્ણ થતા હજુ અંદાજે ૬ મહિના જેટલો સમય લાગી શકે તેમ છે. બ્રિજનો એક ભાગ ખુલ્લો થવાથી હજારો વાહનચાલકોને ગજેરા સર્કલ પરના ટ્રાફિકમાંથી મુક્તિ મળશે. ટૂંક સમયમાં જ આ બ્રિજનું વિધિવત લોકાર્પણ કરવામાં આવશે, જેનાથી અમરોલી અને કતારગામ વચ્ચેની અવરજવર વધુ સરળ અને ઝડપી બનશે.

ધોળકા-બગોદરા હાઈવેની ચોંકાવનારી ઘટના

# બસ ચાલક ફરાર મનાતો હતો તેનો ૬ દિવસ બાદ ખેતરમાંથી મૃતદેહ

સ્થાનિક ખેડૂતો વાલથેરા પાસેના ખેતરમાં ડાંગરનું ધરુ લેવા માટે ગયા હતા, ત્યારે તેમને ખેતરમાં એક અજાણ્યો મૃતદેહ જોવા મળ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ધોળકા-બગોદરા હાઈવે પર વાલથેરા ગામ પાસે ૬ દિવસ અગાઉ બનેલી લક્ઝરી બસ પલટી જવાની ઘટનામાં એક કરૂણ અને વિચિત્ર વળાંક આવ્યો છે.

અકસ્માત બાદ જે બસ ચાલક ડરના માર્યો ભાગી ગયો હોવાનું પોલીસ અને બસ માલિક માની રહ્યા હતા, તેનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ ખેતરમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે.

૬ દિવસ પહેલા ધોળકા-બગોદરા હાઈવે પર વાલથેરા ગામ પાસે એક ખાનગી લક્ઝરી બસ અચાનક પલટી મારી ગઈ હતી. ઘટના સમયે પ્રાથમિક તપાસમાં કોઈ જાનહાનિ થઈ હોવાનું સામે આવ્યું નહોતું. બસને ક્રેનની મદદથી બહાર કાઢી લેવામાં આવી હતી. જોકે, અકસ્માત બાદ બસનો ચાલક ક્યાંય દેખાયો નહોતો અને તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો.

કોઠ પોલીસ સ્ટેશનમાં જ્યારે હોસ્પિટલમાંથી ઈજાગ્રસ્તોની વર્ધી આવી, ત્યારે પોલીસે બસ માલિકની પૂછપરછ કરી હતી.

ડ્રાઈવરનો પતો ન લાગતા પોલીસ અને બસ માલિકને એમ લાગ્યું કે અકસ્માત બાદ પોલીસ કાર્યવાહીના ડરથી ચાલક ભાગી ગયો હશે. સતત છ દિવસ સુધી તેનો સંપર્ક કરવાના પ્રયાસો કરાયા હતા, પરંતુ ફોન બંધ હોવાથી કોઈ કડી મળી નહોતી.

રવિવારે જ્યારે સ્થાનિક ખેડૂતો વાલથેરા પાસેના ખેતરમાં ડાંગરનું ધરુ લેવા માટે ગયા હતા, ત્યારે તેમને ખેતરમાં એક અજાણ્યો મૃતદેહ જોવા મળ્યો હતો. ખેડૂતોએ તાત્કાલિક કોઠ પોલીસને જાણ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આ મૃતદેહ બીજો કોઈ નહીં પણ અકસ્માતગ્રસ્ત બસનો જ ચાલક હતો.એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે અકસ્માત વખતે ચાલકને ગંભીર આંતરિક ઈજાઓ પહોંચી હશે અથવા પલટી ખાતી વખતે તે ફંગોળાઈને દૂર ખેતરમાં જઈ પડ્યો હશે, જ્યાં કોઈની નજર ન પડતા સારવારના અભાવે તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

કોઠ પોલીસે મૃતદેહને કબજે કરી પંચનામું કર્યું છે અને મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ (PM) અર્થે મોકલી આપ્યો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજપરમાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)પોરબંદર

પોરબંદર જિલ્લામાં લોકોના જીવ સાથે રમત રમનારા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. પોરબંદર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને બાતમી મળી હતી. જેના આધારે રાજપર (નવાગામ) વિસ્તારમાં રેડ કરીને એક બોગસ ડોક્ટરને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. મેડિકલ ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો આ શખ્સ આસપાસના અનેક ગામડાઓમાં દવાઓ આપતો હોવાનું સામે આવ્યું છે.પોરબંદર SOGની ટીમને બાતમી મળી હતી કે, રાજપર ગામના બસ સ્ટેન્ડ પાસે એક વ્યક્તિ ડિગ્રી વગર ક્લિનિક ચલાવી રહ્યો છે.

પોલીસે રેડ કરી મૂળ કેશોદના લીમડા ચોક વિસ્તારમાં રહેતા મોસીન હુસેન જેઠવા નામના શખ્સને દબોચી લીધો હતો. આ શખ્સ પાસે કોઈ પણ માન્ય મેડિકલ ડિગ્રી ન હોવા છતાં તે ડોક્ટર બનીને લોકોની સારવાર કરતો હતો.કાર્યવાહી દરમિયાન પોલીસને ઘટનાસ્થળેથી અલગ-અલગ પ્રકારની એલોપેથિક દવાઓ, કેપ્સ્યુલ, ઈન્જેક્શન અને અન્ય મેડિકલ સાધનો મળી આવ્યા હતા. પોલીસે અંદાજે રૂપિયા ૩૫,૮૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આરોપી પાસે ડોક્ટર હોવા અંગેના કોઈ પણ પુરાવા કે લાયસન્સ મળ્યા ન હતા. તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ બોગસ ડોક્ટર માત્ર રાજપર જ નહીં, પરંતુ આસપાસના ભડ, મિત્રાળા, દેરોદર અને એરડા જેવા ગામોમાં પણ જઈને પ્રેક્ટિસ કરતો હતો. ગ્રામ્ય વિસ્તારના ભોળા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર આ શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સોંગ ક્રેડિટ વિવાદમાં 'લોહીયાળ' જંગ

# પેલેડિયમ મોલ પાસે જાણીતા સિંગર હાર્દિલ પંડ્યા પર હુમલો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વ્યસ્ત એસ.જી. હાઈવે પર પેલેડિયમ મોલ પાસે જાણીતા સિંગર હાર્દિલ પંડ્યા પર જીવલેણ હુમલો થતા સંગીત જગતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જૂની અદાવત અને સોંગ ક્રેડિટના વિવાદમાં ગુજરાતી સિંગર શ્યામ સિધાવત અને તેના સાથીઓએ હાર્દિલને બેરહેમીથી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં હાર્દિલના કાનનો પડદો ફાટી ગયો છે, જેના કારણે તે આગામી ૪ મહિના સુધી ગાઈ શકશે નહીં.

મૂળ અમદાવાદના અને હાલ મુંબઈ સ્થાયી થયેલા સિંગર હાર્દિલ પંડ્યા અને ગુજરાતી સિંગર શ્યામ સિધાવત વચ્ચે એક વર્ષ પહેલા રિલીઝ થયેલા એક ગીતની ક્રેડિટ બાબતે વિવાદ ચાલતો હતો. હાર્દિલે આ અંગે લીગલ નોટિસ મોકલી હતી, જેના કારણે શ્યામ તેને અગાઉ પણ ધમકીઓ આપતો હોવાનો આક્ષેપ છે.

હાર્દિલ પંડ્યા જ્યારે તેના મિત્રો સાથે ૨૯ ડિસેમ્બરે એસ.જી. હાઈવે પર જઈ રહ્યો હતો, ત્યારે શ્યામ સિધાવત, પવન પરમાર અને અન્ય ચાર શખ્સોએ તેને આંતર્યો હતો. હથિયારો વડે થયેલા હુમલામાં હાર્દિલના મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા ટાંકા લેવા પડ્યા છે. કાનનો પડદો ફાટી જવાથી તે બેભાન થઈ ગયો હતો. તબીબોના જણાવ્યા મુજબ, આગામી ૩ થી ૪ મહિના સુધી તે હાઈ-પિચ પર ગાઈ શકશે નહીં, જે તેના કરિયર માટે મોટો ફટકો છે. ઘટના અંગે હાર્દિલે ૩૦ ડિસેમ્બરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં વસ્ત્રાપુર પોલીસે શ્યામ સિધાવત સહિતના શખ્સો સામે ગુનો નોંધ્યો છે, પરંતુ પોલીસની કામગીરી શંકાના દાયરામાં છે. હાર્દિલે તરત ફરિયાદ નોંધાવી હતી, પરંતુ સામે પક્ષે શ્યામની પત્નીએ છેક ૪ દિવસ બાદ હાર્દિલ વિરુદ્ધ બીભત્સ શબ્દો બોલ્યાની ફરિયાદ નોંધાવી છે. હાર્દિલ પંડ્યાનો આક્ષેપ છે કે શ્યામની પત્ની દ્વારા કરવામાં આવેલી વળતી ફરિયાદ માત્ર અસલ કેસને દબાવવા અને પોલીસ પર દબાણ લાવવા માટે કરવામાં આવી છે. હાલ વસ્ત્રાપુર પોલીસે એસ.જી. હાઈવેના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. આ હાઈપ્રોફાઈલ મારામારીમાં કોનો પક્ષ સાચો છે અને હુમલા પાછળ અન્ય કોઈ કારણો છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.